આજનો સુવિચાર

જો સુખી થવું હોય તો, પ્રેમ અને પૈસાનું કયારેય પ્રદર્શન કરવું નહી !

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૪૬ જૂનાગઢ તા.૨૮-૦૯-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 246, Junagadh : Date : 28 September, 2024, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# સોમનાથના ઈતિહાસનું સૌથી મોટુ ડિમોલીશન : લોખંડી બંદોબસ્ત



વેરાવળ તા.૨૮ વેરાવળ સ્થિત બાર જયોતિર્લીંગ પૈકીનાં એક સોમનાથ મંદિરની પાછળ છેલ્લા ઘણા સમયે

## ૯ ધાર્મિક જગ્યાઓ દુર કરાતા તંગદીલી ફેલાઈ : ૭૦ લોકોની અટકાયત : ગત મધરાત્રીનાં ડિમોલીશનની કાર્યવાહી કરાઈ

ધાર્મિક સ્થળો સહીત અનેક ગેરકાયદે બાંધકામ થતા જીલ્લા કલેકટરનાં માર્ગદર્શન હેઠળ ગત મધરાત્રે મહા ડીમોલીશન હાથ ધરી ૯ ધાર્મિક જગ્યાઓ દુર કરાતા તંગદીલી ફેલાઈ હતી. આઈ.જી.પી. પોલીસ વડાની ઉપસ્થિતિમાં એસઆરપી અને પોલીસ બંદોબસ્ત હેઠળ કાર્યવાહી શરૂ થતા વહેલી સવાર સુધીમાં અનેક દબાણો હટાવી ટ્રસ્ટ હસ્તકની જમીન ખુલ્લી કરાવી હતી. આ કામગીરી દરમ્યાન ૭૦ જેટલા લોકોની અટકાયત કરાઈ હતી. ગીર સોમનાથ જીલ્લાનાં ઈતિહાસમાં સૌથી મોટુ ડીમોલીશન જિલ્લા કલેકટર દિગ્વીજયસિંહ જાડેજાનાં માર્ગદર્શન હેઠળ ગત મોડી રાત્રે શરૂ થયું હતું. જેમાં પાંચ હિટાચી, ૩૦ જેસીબી ૫૦ ટ્રેકટર ૧૦ ડમ્પર સહીતની મશીનરી સાથે સોમનાથ મંદિર પાછળ આવેલી ટ્રસ્ટની જમીનમાં ગેરકાયદે ખડકાયેલા દબાણોમાં પાકા બાંધકામો અને ૯ જેટલાં ધાર્મિક સ્થાન તોડી પડાતા લોકોનો મોટો સમુદાય એકઠો થતાં ડીમોલીશન સ્થળે તંગદીલી સર્જાતા પોલીસે ૭૦ જેટલા લોકોની અટકાયત કરી હતી. ડીમોલીશનનાં પગલે સોમનાથ સર્કલ અને ભીડીયા સર્કલ પરનો માર્ગ અવર-જવર માટે બંધ કરાયો હતો. ડીમોલીશનની કાર્યવાહી વખતે આઈજીપી નિલેશ ઝાંઝડીયા, એસ.પી. મનોહરસિંહ જાડેજા, ત્રણ ડીવાયએસપી, ૫૦ પીઆઈ, પીએસઆઈ, ૧૨૦૦ પોલીસ જવાનોનો લોખંડી બંદોબસ્ત ગોઠવી સવાર સુધીમાં ડીમોલીશન પાર પાડવામાં આવ્યું હતું. સોમનાથ વિસ્તારમાં વર્ષો બાદ આ મોટામાં મોટુ ઓપરેશન સફળતાપુર્વક પાર પાડવામાં આવ્યું હતું. સોમનાથ ટ્રસ્ટની કરોડો રૂપિયાની જમીન ખુલ્લી થઈ હતી.

ડિમોલીશનને પાર પાડવા ત્રણ જીલ્લામાંથી એસઆર કંપની-પોલીસની મદદ લેવાઈ હતી. રાત્રે લોકોનાં ટોળા ઉમટયા તમામ માટે પ્રવેશબંધી ફરમાવવામાં આવી હતી. વેરાવળનાં સોમનાથ મંદિર પાછળ ગેરકાયદે ખડકાયેલા દબાણો દુર કરવા વર્ષો બાદ વહીવટી તંત્રએ મેગા ડીમોલીશન હાથ ધરી અનેકવિધ દબાણો દુર કર્યા હતા. જેમાં બંદોબસ્ત જાળવવા એસ.આર.પી અને પોલીસ અધિકારીઓ જવાનોની મદદ લેવાઈ હતી. સોમનાથ મંદિર પાછળ ગત રાત્રીનાં મેગા ડિમોલીશન દરમ્યાન પોરબંદર, જુનાગઢ, ગીર સોમનાથ જીલ્લાની એસ.આર.પી. કંપની અને પોલીસ અધિકારીઓ અને ૧૨૦૦ જેટલા પોલીસ જવાનોએ બંદોબસ્ત જાળવી એક ધાર્મિક સ્થળે વિરોધ કરનાર ૭૦ વ્યકિતઓની અટકાયત કરી હતી. તંગદીલી સર્જાતા પોલીસે ટોળા પર કાબુ મેળવ્યો હતો.

# યુનોમાં પાકિસ્તાને કાશ્મીરનો રાગ આલાપ્યો : ભારતે જડબાતોડ જવાબ આપ્યો

ન્યુયોર્ક, તા. ૨૮

સંયુકત રાષ્ટ્ર સંઘમાં પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે ફરી એક વખત કાશ્મીર રાગ આલાપતા અને તેની સરખામણી પેલેસ્ટાઈન સાથે કરતા જ ભારતે આકરો જવાબ આપતા કહ્યું હતું કે, કાશ્મીરમાં જે રીતે ચૂંટણીઓમાં ધીંગુ મતદાન થઈ રહ્યું છે તે ભારતની અને આ રાજયની વાયબ્રન્ટ લોકશાહીનું દ્રષ્ટાંત છે પરંતુ લશ્કર જે દેશનું સંચાલન કરતું હોય (પાકિસ્તાન) તેને લોકશાહી અંગે બોલવાનો કોઈ અધિકાર નથી. પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ ગઈકાલે તેના સંબોધનમાં ભારત ઉપર દ્વિપક્ષી વાટાઘાટો માટે સંમત નહી થવા અને વારંવાર સર્જીકલ સ્ટ્રાઈકની ધમકી આપતા હોવાનું તથા આઝાદ કાશ્મીર (પાક. કબ્જાનું કાશ્મીર)નો કબ્જો લઈ લેવાની પણ ધમકી આપે છે અને કાશ્મીર ઉપર ભારતના દાવાને ગેરકાનુની ગણાવ્યું હતું. જોકે ભારતના કાયમી પ્રતિનિધિ ભાવિકા મંગલનંદનએ આકરો જવાબ આપ્યો હતો. કહ્યું કે એ હાસ્યાસ્પદ છે કે ૧૯૭૧માં જેણે નરસંહાર કર્યો હતો (બાંગ્લાદેશ ઉલ્લેખ) અને જે આજે પણ પોતાના દેશમાં લઘુમતી પર અત્યાચાર કરે છે તેઓ અસહિષ્ણુતા અને ભય અંગે બોલવાની હિંમત કરે છે.

શાહબાઝ શરીફને સીધો જવાબ આપતા જણાવ્યું કે પાકિસ્તાન દુનિયાભરમાં આતંકવાદ નશીલી ડ્રગ્સની નિકાસ કરે છે અને દુનિયાભરમાં તે બદનામ છે અને તે વિશ્વના સૌથી મોટા લોકતંત્ર પર હુમલાનું દુઃસાહસ કરી રહ્યું છે.

## નાણામંત્રી સીતારમન સામે એફઆઈઆર નોંધવાનો બેંગ્લુરૂ કોર્ટનો આદેશ

બેંગલુરુ તા. ૨૮

બેંગલુરુની એક વિશેષ કોર્ટે ૨૭ સપ્ટેમ્બરે નાણામંત્રી નિર્મલા સીતારમણ વિરુદ્ધ FIR નોંધવાનો આદેશ આપ્યો છે. નાણામંત્રી પર ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા બળજબરીથી વસૂલી કરવાનો આરોપ છે. જનઅધિકાર સંઘર્ષ પરિષદના આદર્શ અય્યરે બેંગલુરુમાં ફરિયાદ દાખલ કરીને કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારમણ સામે પગલાં લેવાના નિર્દેશ આપવાની માગણી કરી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અરજી પર સુનાવણી કરતી વખતે કોર્ટે બેંગલુરુના તિલકનગર પોલીસ સ્ટેશનને FIR નોંધવાનો આદેશ આપ્યો હતો. આગામી સુનાવણી ૧૦ ઓક્ટોબરે થશે.

## સમાચાર રાઉન્ડ અપ

- ● સુરતનાં વેપારીઓનાં ફ્રીઝ કરાયેલા બેંક ખાતા ચાલુ કરાવવા મહારાષ્ટ્ર - કર્ણાટકની પોલીસ વસુલી કરતી હોવાનો વેપારીઓનો આક્ષેપ
- ● વેઈટીંગની સમસ્યા દુર કરવા દેશમાં નવી ૩૦૦૦ ટ્રેનો શરૂ કરવાની જરૂર : રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ
- ● ઉજ્જૈનમાં મહાકાલ મંદિર નજીક દિવાલ ધરાશયી થતાં બે શ્રધ્ધાળુઓનાં મોત : ૪ લોકો દટાયા

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક
NIT® ટેકનીકલ કોલેજ
સર્ટીફીકેટ કોર્ષ
● ૧૦૦% પ્રેકટીકલ
● સરળ ભાષામાં થિયરી
● હોસ્ટેલ સુવિધા
● બસસ્ટેન્ડથી ઘણું નજીક
● રેલ્વે સ્ટેશનથી નજીક
● ફ્રી ડેમો ટ્રાયલ
⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ ક્રિપેડ વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો
Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

શું તમે ઘણી દવા કરવા છતાં રીઝર્ટ મળતું નથી ?
ઓપરેશન કરાવતા પહેલા
આયુર્વેદીક દવાથી સચોટ ઈલાજ
૨૦ વર્ષનાં અનુભવી
કાનમાં આવતા રસી, બહેરાશ તથા તમામ બિમારીની સલાહ માટે મળો
(પચીસ રોગોની કાયાકલ્પ દવા)
હ.બીપી, લો. બીપી, આધાશીશી, અશકિત, ઉનમાદ, અનિંદ્રા, નપુંસકતા, ચક્કર, હીસ્ટોરીયા, એસીડીટી વગેરે માટે
(વૈદ હિતેશભાઈ રમણીકભાઈ મકવાણા)
મો. ૯૮૨૪૨ ૧૦૧૫૭ - જૂનાગઢ
(મું. વડાલ વાળા)

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ ગુજરાત રાજ્ય
રેશનકાર્ડ ધારકોના e-KYC બાબતની જાણકારી
e - KYC એટલે રેશનકાર્ડ ધારક કુટુંબના તમામ સભ્યોની વ્યક્તિગત ઓળખની ખરાઈ.
રેશનકાર્ડ ધારક ૩(ત્રણ) રીતે e-KYC કરાવી શકે છે.
● ઘરેબેઠાં "My Ration" Mobile Application થી કુટુંબના તમામ સભ્યોનું e - KYC થઈ શકે છે.
● ગ્રામ્ય સ્તરે ઈ–ગ્રામ કેન્દ્રમાં V.C.E મારફત.
● તાલુકા કક્ષાએ તથા શહેરી વિસ્તારમાં મામલતદાર કચેરીમાં, મહાનગર પાલિકામાં પુરવઠા વિભાગની ઝોનલ કચેરીમાં રૂબરૂમાં જઈને.
• e-KYC માટે રેશનકાર્ડ નંબર, મોબાઈલ નંબર અને આધાર નંબરની માત્ર વિગતો જ આપવાની રહે છે.
• કોઈ દસ્તાવેજની ઝેરોક્ષ કોપી આપવાની જરૂર નથી.
• e-KYC કરાવવા માટે બેંક એકાઉન્ટની વિગતો આપવાની રહેતી નથી.
• રેશનકાર્ડધારકે પોતાની કોઈપણ ખાનગી માહિતી અન્ય ત્રાહિત વ્યક્તિને આપવી નહીં.
"આપના રેશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશનો મહત્તમ ઉપયોગ કરવા વિનંતી."
MY RATION
શ્રી કુંવરજીભાઈ બાવળીયા
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર
વધુ માહિતી માટે હેલ્પલાઈન નંબર : ૧૮૦૦-૨૩૩-૫૫૦૦ પર સંપર્ક કરવા વિનંતી.

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

● હરકયુલિસ સાયકલ ● કોરાડો સાયકલ
● હીરો સાયકલ ● બ્રિટીશ ઈગલ સાયકલ
● બીએસએ સાયકલ ● ફન રાઈડ ટ્રાયસીકલ
● વિકટર ૯૧ સાયકલ ● દાસ સાયકલ
● હિલી સાયકલ
તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ
ગેલેક્સી ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

# જૂનાગઢના ઐતિહાસિક સ્થળોની ૮.૫૦ લાખ મુલાકાતીઓએ લીધી મુલાકાત



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

ગયા વર્ષે ૨૮મી સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જૂનાગઢ-ગુજરાત ખાતે નવા પુનઃસ્થાપિત થયેલ ઉપરકોટ કિલ્લા અને મહાબત મકબરાને લોકાર્પણ કર્યું હતું. ત્યારથી, આ પ્રવાસન સ્થળો કૂદકેને ભૂસકે લોકપ્રિયતા મેળવી રહ્યાં છે. આજે, તેઓ પુનઃસ્થાપન પછી ફરીથી ખોલવાની તેમની પ્રથમ વર્ષગાંઠને ચિહ્નિત કરે છે. જ્યારે મહાબત મકબરામાં એક વર્ષમાં ૫૦,૦૦૦ જેટલા પ્રવાસીઓ આવ્યા હતા, ત્યારે જૂનાગઢના ઉપરકોટ કિલ્લાએ એક વર્ષમાં ૮.૫૦ લાખ પ્રવાસીઓનું સ્વાગત કર્યું હતું. આ રાજ્ય પુરાતત્વ હસ્તકના સ્મારકોને ગુજરાત ટુરીઝમ દ્વારા ખાનગી કંપની સવાણી હેરિટેજ કન્ઝર્વેશન પ્રા. લિ. દ્વારા પુનઃસ્થાપિત કરવામાં આવ્યા છે. સવાણી હેરિટેજ કન્ઝર્વેશન પ્રા. લિ. કંપની હેરિટેજ રિસ્ટોરેશન અને કન્ઝર્વેશનમાં નિષ્ણાત છે અને છેલ્લા ૩ દાયકાથી ભારતમાં જાણીતું નામ છે અને તેણે ૧૮ રાજ્યો અને ૫ યુનિયનમાં ટેરીટરીમાં હેરિટેજ રિસ્ટોરેશન અને કન્ઝર્વેશનના લગભગ ૨૫૦ પ્રોજેક્ટ્સ હાથ ધર્યા છે અને ૧૦ યુનેસ્કો એશિયા પેસિફિક એવોર્ડ્સ અને અન્ય રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પુરસ્કારો જીત્યા છે. ભારતના પ્રદેશો. ઉપરકોટ કિલ્લાને પરંપરાગત પ્રાચીન પદ્ધતિઓનો ઉપયોગ કરીને પુનઃસ્થાપિત કરવામાં આવ્યો હોવાથી, તેણે **ASSOCHAM** તરફથી **GEM**-૪ પ્રમાણપત્ર મેળવ્યું છે. ઉપરકોટ કિલ્લાની આસપાસના સ્થાનિક રહેવાસીઓ દાવો કરે છે કે તેઓએ પાછલા દાયકાઓમાં પુનઃ સ્થાપના પહેલાં આટલો ઊંચો પ્રવાસી પ્રવાહ ક્યારેય જોયો નથી. સખત ઉનાળો અને વરસાદની મોસમમાં, ઉપરકોટની મુલાકાતે ભાગ્યે જ કોઈ પ્રવાસીઓ આવતા હતા. જો કે, પુનઃસ્થાપન પછી, જ્યારે પ્રવાસીઓએ અદ્ભુત ફેરફારો જોયા, ત્યારે તેઓએ વાત ફેલાવી અને પ્રવાસીઓનો પ્રવાહ વેગ પકડવા લાગ્યો. આવા મહાન પ્રવાસી પ્રવાહ વિશે પૂછવા ઉપર, રાજેશ તોતલાણી - સવાણી હેરિટેજ કન્ઝર્વેશન પ્રા. લિ. ના જનરલ મેનેજર. એ જણાવ્યું હતું કે શરૂઆતથી જ અમે ઉપરકોટ કિલ્લાને ભારતના શ્રેષ્ઠ સંચાલિત કિલ્લા તરીકે સ્થાપિત કરવા માટે મક્કમ હતા. સલામતી, પ્રવાસી આનંદ અને નવીનતા - આ ૩ મુદ્દાઓ અમારા પ્રયત્નો અને અમારા ધર્મનો સારાંશ આપે છે. પ્રવાસીઓનો આનંદ સુનિશ્ચિત કરવા માટે અમે કોઈ કસર છોડતા નથી. અમે જોયું કે ઉનાળો કઠોર છે, અમે પ્રવાસીઓ માટે છત્રીઓ લાવ્યા છીએ. અમને જાણવા મળ્યું કે ઈલેક્ટ્રિક રિક્ષાઓ સંપૂર્ણ સગવડ આપી રહી નથી, અમે તેને ઈલેક્ટ્રિક ગોલ્ફ કાર્ટથી બદલી નાખી. પીવાનું શુદ્ધ પાણી, ઈ-ટોઈલેટ, સેંકડો બેન્ચ અને ગાઝીબો જેવી તમામ આધારભૂત સુવિધાઓ ઉપલબ્ધ છે. લગભગ ૩ કિમીનો સમર્પિત નવો બનાવેલ સાયકલ પાથ બનાવવામાં આવ્યો છે. અમે ૪ વર્ષથી ૮૦ વર્ષની વયજૂથના બંને જાતિના લોકોને સાયકલ ભાડે લેતા અને રાઈડનો આનંદ લેતા જોઈએ છીએ. અમારો ખર્ચ-મુક્ત બચપન ઝોન અજાયબીઓ કરી રહ્યો છે. બચપન ઝોનમાંથી પસાર થતી વખતે અમે દરરોજ સેંકડો પ્રવાસીઓ, યુવાન અને વૃદ્ધો આનંદપૂર્વક ટામેટું - રે - ટામેટું ગાતા નીહાળીયે છીએ. હું બચપન ઝોન ઉપર વધુ વિગતો આપવા માંગતો નથી. બાકીના પ્રવાસીઓ માટે આશ્ચર્યજનક તત્વ બનવા દો. પૂછવા પર, શું આ બધું હતું - ઘણા આનંદકારક પરિબળો પૂર્વ-આયોજિત હતા અથવા તમે ધીમે ધીમે પ્રવાસી અનુભવમાં ચમક ઉમેરતા રહ્યા રાજેશ તોતલાણી કહ્યું - જ્યારે આજના સંજોગોમાં આપણે જોઈએ છીએ કે માનસિક તાણ માનસિક શાંતિને ખાઈ રહ્યો છે અને અમે મીડિયામાં ઉચ્ચ કોર્પોરેટ કર્મચારીઓના ભારે તણાવના સ્તરને કારણે મૃત્યુ પામ્યા છે તે વિશે જોઈએ છીએ, ત્યારે આપણે જાણીએ છીએ કે ઉપરકોટ કિલ્લાની મુલાકાત અથવા કોઈપણ પ્રવાસન. ડેસ્ટિનેશન એ સ્ટ્રેસ બસ્ટર છે અને અમે તે ખિસકોલીને યાદ રાખીએ છીએ જે આપણને હંમેશા નવીન બનવા અને વિકાસ કરતા રહેવાની પ્રેરણા આપે છે. આપણે બધા જાણીએ છીએ કે સેતુનું નિર્માણ શ્રી રામજી, શ્રી હનુમાનજી અને વનાર-સેના દ્વારા કરવામાં આવ્યું હતું, પરંતુ તે ખિસકોલી રેતી અને નાના કાંકરાને ધૂળ નાખીને ગમે તે રીતે તેની ભૂમિકા ભજવી રહી હતી. અમે શક્ય તેટલી શ્રેષ્ઠ રીતે અમારી ભૂમિકા ભજવી રહ્યા છીએ, બધા મુલાકાતીઓના માનસિક સ્વાસ્થ્ય માટે અને તેમને સુખદ સંસ્મરણો ખજાનામાં આપી રહ્યા છીએ. જ્યારે તેઓ અહીં તેમના નજીકના અને પ્રિયજનો સાથે શ્રેષ્ઠ સમયનો આનંદ માણી શકે છે, ત્યારે તેઓ સ્વાદિષ્ટ ભોજનનો આનંદ પણ લઈ શકે છે અને જેતપુર ની બાંધણી, ડિજીફોટો દ્વારા ઓફર કરાયેલ અદ્ભુત ફોટો મેમોરીઝ કલેક્શન જેવા સંભારણું દ્વારા યાદો પાછી લઈ શકે છે. એક ગુજરાત સરકાર ના સાહસ - ગરવી ગુર્જરી અને ભારત સરકારનું સાહસ ટ્રાઈબ્સ ઈન્ડિયા પણ ટૂંક સમયમાં ખુલવાની અપેક્ષા છે. તેઓ આદિવાસીઓને આર્થિક રીતે ટેકો આપે છે અને પ્રવાસીઓને વિવિધ સંભારણું વિકલ્પો આપે છે જેમ કે હાથથી બનાવેલા આર્ટ પીસ અને ઘરે લઈ જવા માટે ઘણું બધું. ઉપરકોટ કિલ્લો - ઊંચાઈ ઉપર આવેલો એક પ્રાચીન કિલ્લો, જેમાં મુલાકાત લેવા માટે લગભગ ૨૫ પોઈન્ટ છે જેમ કે ધક્કા બારી, ઈનલેટ અને આઉટલેટ ટાવર જ્યાંથી આખ્ખું જૂનાગઢ દેખાય છે, નવઘણ કુવો, અડી -કડી વાવ, લીલોછમ વાતાવરણ, આરામ કરવા માટે સેંકડો બેન્ચ, વૃક્ષો, વિશાળ લેન્ડસ્કેપિંગ, પક્ષીઓનો કિલકિલાટ, ગિરનારનું દૈવી દ્રશ્ય... અને વિચારશીલ ટીમ દ્વારા લેવામાં આવતી અદભૂત કાળજી એક પ્રવાસી ખિસકોલી પાસેથી બીજી શું અપેક્ષા રાખી શકે છે - બીચના દ્રશ્યને છોડીને, તેમણે મુસ્કુરાહટ સાથે કહ્યું. વર્ષગાંઠના આ ખાસ અવસર ઉપર અમે આ દિવસને યાદગાર બનાવવા માટે સવારના પ્રવાસીઓના વિશેષ સ્વાગત, કેટલીક આશ્ચર્યજનક રમતો, જીતવા માટેના થોડાક ઈનામ અને વધુ આનંદકારક પરિબળોની લાઈન લગાવી છે. અમે વિનમ્રતા પૂર્વક આભાર માનીયે છીએ ગુજરાત સરકાર, મુખ્યમંત્રી, ગુજરાત પુરાતત્વ વિભાગ, ગુઅજરાત ટુરિઝમ, કલેક્ટર, મ્યુનિસિપલ કમિશ્નર, સ્થાનિક વહીવટીતંત્ર, સાંસદ, ધારાસભ્ય, અમારા સેવા સહયોગીઓ, ટુરિસ્ટ ગાઈડો, જૂનાગઢના રહેવાસીઓ અને દેશ-વિદેશના પ્રવાસીઓનો આવી ખૂબ પ્રશંસા અને સહયોગ બદલ. અમે વધુને વધુ હૃદયને સ્પર્શવાનો પ્રયત્ન કરીશું હંમેશા.

# ગાંધીનગર એલસીબીએ ૨૭ કરોડનું ડબ્બા ટ્રેડિંગ ઝડપ્યું

## આખા રેકેટમાં ૨૯ વ્યક્તિઓ ઝડપાઈ



ગાંધીનગર તા.૨૮

ગાંધીનગર પોલીસે ડબ્બા ટ્રેડિંગના નેટવોર્કમાં સંડોવાયેલા ૨૯ આરોપીઓની ધરપકડ કરી છે.

આ પકડાયેલા તમામ આરોપીઓ શેરબજારની ટ્રેડિંગ કંપનીઓના એજન્ટ બની શેરબજારમાં નફો કરાવના બહાને નાગરિકો સાથે છેતરપીંડી આચરતા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. તો બીજી તરફ મહેસાણા જિલ્લાના વડનગર, વિસનગર, ખેરાલુ સહિતના વિસ્તારમાં કાર્યરત આ ગેંગ ઝડપાઈ છે. એટલુજ નહિ શેરબજારમાં રોકાણ કરવા ઈચ્છતા લોકોને લોભામણી વાતો કરી ખાસ ટાર્ગેટ કરવામાં આવતો હોવાનું પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે. પોલીસે અત્યારે લેપટોપ, મોબાઈલ અને જે સાધનો ઉપયોગ મેં લેવામાં આવતા હતા તે જપ્ત કરવામાં આવ્યા છે. જ્યારે ડમી એકાઉન્ટમાં પેસા મંગાવવામાં આવતા હતા તેની તપાસ શરૂ કરી છે. આ ગેંગ દ્વારા અત્યાર સુધીમાં ૨૭ કરોડથી વધારે નું ફ્રોડ કર્યું છે. જોકે આ કેસમાં મુખ્ય સૂત્રધાર સહિત અન્ય લોકો ને પકડવા પોલીસે ચક્રો ગતીમાન કર્યા છે.

### દ્વારકાનાં પ્રાંત અધિકારીની સુચનાથી સ્થાનીક વહીવટી તંત્ર દ્વારા

# જગત મંદિર આસપાસ રસ્તા પરના દબાણો હટાવવાની શરૂ થતી કાર્યવાહી



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૮

દ્વારકામાં ગઈકાલે જગત મંદિરે જવાનાં મુખ્ય રસ્તાઓ પર યાત્રીકો તથા સ્થાનીકોને અડચણરૂપ રસ્તાઓ આસપાસ પથરાયેલા ટેબલો અને પથારાઓનું દ્વારકાના નવનિયુકત પ્રાંત અધિકારી દ્વારા જાત નિરીક્ષણ કરવામાં આવેલ અને મંદિર આસપાસના વેપારીઓને યોગ્ય સુચનો કરી તંત્રને સહયોગ આપવા માટે અપીલ કરેલ. ત્યારે સાથે રહેલા પાલિકાનાં ચીફ ઓફીસર તેમજ પોલીસ તંત્રના અધિકારીઓને દબાણ અંગે સમીક્ષા કરી તાત્કાલીક રસ્તાઓ ખુલ્લા કરવા માટે તાકીદ કરવામાં આવેલ. જેના અનુસંધાને આજે શહેરનાં નવા ગોમતીઘાટ વિસ્તારમાં કિર્તીસ્તંભ આસપાસનાં રસ્તા પરના તથા દ્વારકાધીશ જગત મંદિર આસપાસનાં રસ્તાઓ પરના દબાણો હટાવવા માટે સ્થાનીક તંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. બપોર બાદ જગત મંદિરનાં મુખ્ય ગેટ આસપાસનાં વિસ્તારના દબાણો દુર કરવામાં આવશે. નોંધનીય છે કે દ્વારકાધીશના દર્શનાર્થે આવતા ભાવિકોને રસ્તા પરના દબાણોને કારણે અવર-જવર કરવા માટે ખુબ જ મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. અને આ વર્ષોપર્યતનો પ્રશ્ન હતો. પરંતુ પાલિકા દ્વારા છાસવારે દબાણ હટાવવાનું નાટક કરી ટેમ્પરરી કાર્યવાહી કરવામાં આવતી હતી. કોઈ કાયમી ઉકેલ આવતો ન હતો. પરંતુ હાલનાં પ્રાંત અધિકારીએ સ્થાનીક વહીવટી તંત્રને સાથે રાખી દબાણ હટાવ ઝુંબેશ શરૂ કરેલ છે તે દ્વારકાવાસીઓમાં પ્રસંશાને પાત્ર બની છે. હવે જોવાનું એ છે કે જે દબાણો હટાવાયા છે તે કાયમી ધોરણે રહેશે કે પછી થોડા દિવસો બાદ 'જૈસે થે' થઈ જશે.

# ડો. સુભાષ યુનિવર્સીટી, સ્કુલ ઓફ ફાર્મસી દ્વારા યોજાયો ફાર્માફેસ્ટ ૨૦૨૪ - બે દિવસીય ફાર્મસી ડે સેલિબ્રેશન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢની ડો. સુભાષ યુનિવર્સિટી ખાતે તા.૨૪-૨૫ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ સ્કૂલ ઓફ ફાર્મસી દ્વારા ફાર્મસી ડે સેલિબ્રેશન ઉજવાયો હતો. બે દિવસીય આ પ્રોગ્રામમાં ફાર્મા એડ



મેકિંગ, ફાર્મા રંગોળી, પોસ્ટર મેકીંગ, લેબલ મકિંગ, ફાર્મા ક્વિઝ, માર્કેટિંગ તેમજ નુક્કડ જેવી વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. આ તકે સમગ્ર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે ફાર્માસિસ્ટ શપથ ગ્રહણ કરી પૂર્ણાહુર્તી જાહેર કરાયો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા ઈવેન્ટ કોર્ડીનેટર પ્રોફ. મોર્વી રાવલ સહીતની ટીમે ભારી જહેમત ઉઠાવી હતી. આ વિશેષ સફળતા બદલ સંસ્થાના પ્રમુખ જવાહરભાઈ ચાવડા, યુનિવર્સીટીના પ્રમુખ રાજભાઈ ચાવડા તેમજ પ્રોવોસ્ટ ડો. દિપક પટેલએ શુભેચ્છાઓ પાઠવી હતી.

# શ્રી ખોડલધામ યુવા સમિતિના હોદ્દેદારો દ્વારા વન સ્વચ્છતા તથા વન શિબિર યોજાઈ



(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૮

શ્રી ખોડલધામ ટ્રસ્ટ- કાગવડની યુવા પાંખ એવી શ્રી ખોડલધામ યુવા સમિતિ દ્વારા અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ થઈ રહી છે. જ્યારે કુદરતી આફતો આવે ત્યારે હંમેશા માટે શ્રી ખોડલધામ ટ્રસ્ટ- કાગવડ નિઃસહાય લોકોના પડખે અડીખમ ઊભું રહે છે. કોઈપણ નાત જાતના ભેદભાવ વગર હંમેશા માટે સત્કાર્ય અને સેવાની સુવાસને પ્રસરાવે છે. ત્યારે શ્રી ખોડલધામ યુવા સમિતિ- રાજકોટના હોદ્દેદારો દ્વારા સુંદર મજાના વન સ્વચ્છતા અભિયાન તથા વન શિબિરનું આયોજન જૂનાગઢના મધ્ય ગીર સ્થિત અરણ્ય વિલા ખાતે કરવામાં આવ્યું હતું. વન શિબિરનો ઉદ્દેશ્ય સમાજના યુવાનોને સેવાકીય પ્રવૃત્તિને મજબૂત બનાવવા અર્થે તથા ગમ્મત સાથે નવા મંતવ્યોને પ્રસ્તુત કરી સમાજ ઉત્થાનથી લઈને રાષ્ટ્ર ઉન્નતના વિકાસને સાકાર કરવાના અર્થે આયોજિત કરવામાં આવી હતી. વન શિબિર અને વન સ્વચ્છતા અભિયાનમાં બહોળી સંખ્યામાં સમાજના યુવાનોએ જોડાઈને સેવાનું ઉદાહરણ પૂરૂ પાડ્યું હતું. સાથે સાથે આસપાસના વિસ્તારના વન રસ્તા ઉપર પડેલો કચરો ઉપાડી સ્વચ્છતા અભિયાનના ભગીની કાર્યમાં જોડાયા હતા. આ શિબિરમાં અમરેલી, કેશોદ અને રાજકોટના હોદ્દેદારો જોડાયા હતા. આયોજનમાં કેવલ ફાચરા, દેવાંશુ નસીત, મયુર વસાણી, નિલેશ વોરા વગેરે સાથે પ્રકૃતિ પ્રેમને પ્રગટ કરતા આ યુવાન દ્વારા સમાજને નવીનતમ રાહ ચીંધી ઉત્કૃષ્ઠ ઉદાહરણ પૂરૂ પાડવામાં આવ્યું હતું.

# જૂનાગઢના ગોવિંદભાઈ દુબેની કોંગ્રેસ સેવા દળના પ્રમુખ તરીકે વરણી



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

જૂનાગઢના સિંધી અગ્રણી અને અગ્રણી કરવેરા સલાહકાર ગોવિંદભાઈ દુબેની શહેર કોંગ્રેસ સેવા દળના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે. તેઓને પ્રદેશ પ્રમુખ પ્રગતિબેન આહીર દ્વારા જવાબદારી સોંપવામાં આવી હતી. ગોવિંદભાઈની નિમણૂક બદલ શુભેચ્છકો દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી રહી છે. આગામી કોર્પોરેશનની ચૂંટણી પહેલા અનુભવી આગેવાનની નિમણૂક થતા કોંગ્રેસ કાર્યકરોમાં પણ ઉત્સાહ છવાયો છે.


સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

ટચુકડી જાહેરાત દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
નવરાત્રી માટે ખાસ...
નવરાત્રી માટે ખાસ...
ગાયનું તાજુ ઘી આવી ગયું છે તેમજ ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે
વિજય ઘી ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોનઃ ૨૬૫૨૬૧૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

જલજીલ આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

બેકરીની બધી જ આઈટમ ઘઉમાં મળશે સ્પે. પંજાબી પફ મળશે આઈસ કેકનાં સ્પેશ્યાલીસ્ટ
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

# જૂનાગઢ જીલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં ૩૯૪૧ લાભાર્થીઓને રૂા.૭.૯૦ કરોડની સહાય વિતરણ કરાઈ

**ગરીબ કલ્યાણ મેળા થકી સરકારની વિવિધ યોજનાઓના લાભ નાગરિકોને હાથોહાથ પહોંચાડીને, ગરીબોના જીવનમાં સૂર્યોદય લાવવાનું કામ થઈ રહ્યું: સાંસદ રાજેશભાઈ ચુડાસમા**

**ગરીબો સ્વમાનભેર જીવન વ્યતિત કરે, સમતાવાન બને, ગરીબોના જિંદગીમાં ઉજાસ લાવવાનું કામ રાજ્ય સરકારે કર્યુ : જિલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુંમર**






## જીલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસીયાના માર્ગદર્શન હેઠળ ૧૪માં તબક્કાનો ગરીબ કલ્યાણ મેળો સફળ રીતે સંપન્ન

જૂનાગઢ, તા. ૨૮

રાજયના ગરીબ કલ્યાણ મેળાના ૧૪મા તબક્કા અંતર્ગત આજે જૂનાગઢ જિલ્લાકક્ષાનો ગરીબ કલ્યાણ મેળો સાંસદશ્રી રાજેશભાઈ ચુડાસમા અને જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમરની ઉપસ્થિતીમાં સરદાર પટેલ સભાગૃહ, કૃષિ યુનિવર્સિટી ખાતે યોજવામાં આવ્યો હતો. આ મેળામાં ૩૯૪૧ વ્યક્તિગત લાભાર્થીઓને વિવિધ યોજનાઓ અંતર્ગત રૂપિયા ૭.૯૦ કરોડથી વધુની રકમની સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં હાજર લાભાર્થીઓને સંબોધતા જૂનાગઢના સાંસદ રાજેશભાઈ ચૂડાસમાંએ જણાવ્યું હતું કે, ગામડાના લોકોનું જીવન ધોરણ કઈ રીતે સુધરે તેના માટે થઈ અને ગરીબ કલ્યાણ મેળાની શરૂઆત તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ-૨૦૦૯ થી ગુજરાતમાં ગરીબ કલ્યાણ મેળાનો અભિનવ વિચાર આપેલો, તેમની પ્રેરણા અને માર્ગદર્શનમાં રાજ્યમાં યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી જરૂરિયાતમંદ લોકોને સહાય-લાભ હાથોહાથ પહોચાડવામાં આવ્યા છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરણાથી આજે જનકલ્યાણનો સેવાયજ્ઞ ચાલી રહ્યો છે અને ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી લાભાર્થીઓને લાભ આપવાની શરૂઆત કરી રહ્યા છે ત્યારે અહીં જૂનાગઢ જિલ્લા ખાતે ૩ હજારથી વધારે લાભાર્થીઓને લાભ આપવાનો છે. રાજ્યમાં આજે ગરીબ કલ્યાણ મેળા થકી સરકારની વિવિધ યોજનાઓના લાભ નાગરિકોને હાથોહાથ પહોંચાડીને, ગરીબોના જીવનમાં સૂર્યોદય લાવવાનું કામ થઈ રહ્યું છે. આ ગરીબ કલ્યાણ મેળાનું સુચારૂ આયોજન કરવામાં આવ્યુ તે બદલ જિલ્લા વહિવટી તંત્રને અભિનંદન પાઠવ્યા.

જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી હરેશભાઈ ઠુંમરે જિલ્લા વહિવટી તંત્રને અભિનંદન આપતા જણાવ્યું હતું કે, સરકારી યોજનાના વ્યક્તિગત લાભાર્થીઓને એક જ સ્થળેથી યોજનાના લાભો પારદર્શી રીતે મળી રહે, તેમને ક્યાંય ધક્કા ખાવા ન પડે તેના શુભ આશયથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના શાસનકાળમાં ગરીબ કલ્યાણ મેળા શરૂ કરાવ્યા હતા. જેનો ૧૪માં તબક્કાનો ગરીબ કલ્યાણ મેળો યોજાઈ રહ્યો છે, ત્યારે નોધારાનો આધાર એવો ગરીબ કલ્યાણ મેળો સાચા અર્થમાં હાથ ફેલાવવાની નોબત ન આવે તે માટે રાજ્ય સરકારે સામે ચાલીને ઘર-આંગણે આવીને, સહાય આપી આત્મનિર્ભર બનાવવાની મથામણ આદરી જેના લીધે આજે લાખો વંચિતો, ગરીબો અને જરૂરિયાત મંદોનો જીવનમા બદલાવ આવ્યો છે એટલુ જ નહી ગરીબો સ્વમાનભેર જીવન વ્યતિત કરે, સમતાવાન બને, ગરીબોના જિંદગીમાં ઉજાસ લાવવાનું કામ રાજ્ય સરકારે કર્યુ છે. આ અવસરે જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા એ જણાવ્યું હતું કે, મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલા નેતૃત્વ નીચે ૧૪ માં તબક્કાનો ગરીબ કલ્યાણ મેળો યોજાઈ રહ્યો છે. આ મેળા થકી ગરીબ વ્યકિત સરળતાથી આજીવિકા મેળવી આત્મનિર્ભર બને તેવા પ્રયાસો કરવામાં આવ્યા છે. ગુજરાતનો નાગરિક આત્મનિર્ભર બને, દેશ આત્મનિર્ભર બને તેવા કાર્યો કરવામાં આવી રહયાં છે. ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી દરિદ્રનારાયણ, જરૂરિયાતમંદ લોકોને સહાય-લાભ હાથોહાથ પહોચાડવામાં આવી રહ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતીમાં બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતે યોજાયેલા રાજ્યકક્ષાના ગરીબ કલ્યાણ મેળાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ લોકોએ નિહાળ્યુ હતું. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું પ્રવચન, રાજયના જળસંપત્તિ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાના પ્રવચનનું અહીં લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. આ મેળામાં મહાનુભાવોના હસ્તે વિવિધ યોજનાના લાભાર્થીઓને સિલાઈ મશીન, ડૉ સવિતાબેન આંતરજ્ઞાતિય લગ્ન સહાય, ડૉ. આંબેડકર આવાસ યોજના સહાય, પંડીત દીનદયાળ આવાસ યોજના, વ્હાલી દીકરી યોજના, માનવ કલ્યાણની વિવિધ યોજનાની સહાય, ૧૦૦ ચોરસ વારના પ્લોટની સનદ, કૃત્રિમ બીજદાનથી જન્મેલી વાછરડીની પ્રોત્સાહન યોજના હેઠળ હેઠળ નાણાકીય સહાયનો હુકમ વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસીયાના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહિવટી તંત્રના અથાગ મહેનત અને પરિશ્રમથી યોજાયેલ ૧૪માં તબક્કાના ગરીબ કલ્યાણ મેળાના કાર્યક્રમની શરૂઆતમાં જૂનાગઢ પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલએ ગરીબ કલ્યાણ મેળાની રૂપરેખા આપી હતી અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી મીરાબેન સોમપૂરાએ આભારવિધી કરી હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસીયા, જિલ્લા વિકાસ અધિકારી નિતીન સાંગવાન, મ્યુનિસીપલ કમિશ્નર ઓમ પ્રકાશ, નિવાસી અધિક કલેક્ટર એન.એફ ચૌધરી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક પી.એ.જાડેજા સહિતના અધિકારી અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ મેળામાં રાજ્ય અને કેન્દ્ર સરકારની યોજનાઓની માહિતી આપતા વિવિધ સ્ટોલ પણ રાખવામાં આવ્યા હતા. કાર્યક્રમ બાદ મહાનુભાવોએ અહીં વિવિધ સ્ટોલની મુલાકાત લીધી હતી અને સરકારી યોજનાઓના સહાયની વિતરણની કામગીરીની સમીક્ષા કરી હતી.

અને લાભાર્થીઓને સરકારી યોજનાનો લાભો સરળતાથી મળે છે તે સુનિશ્ચિત કર્યું હતું. અહીં વિવિધ સ્ટોલ પર લાભાર્થીઓ યોજનાની સહાય માટેના ફોર્મ પણ ભરીને જમા કરાવતા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતાં.

## જૂનાગઢના ગોલાધરના વતની આજડા ખીમાભાઈ ગરીબ કલ્યાણ મેળામાં ડૉ.આંબેડકર આવાસ યોજનાનો લાભ મળતા સરકારનો આભાર માન્યો



જૂનાગઢ, તા.૨૮ : જૂનાગઢ ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં ઉપસ્થિતશ્રી આજડા ખીમાભાઈ ગોવાભાઈ સરકારશ્રીની પ્રસંશા કરતા જાણાવે છે કે, ગોલાધર ગામનો રહેવાસી છું મને ડૉ.આંબેડકર આવાસ યોજના અંતર્ગત લાભ મળેલ છે. હું અને મારો પરિવાર ૧૫-૧૭ વર્ષથી કાચા ઘરમાં વસવાટ કરતા હતા આથી મારી પરિસ્થિતિ નબળી હતી. અમે મજૂરી કરીને અમારૂ ગુજરાન ચલાવતા હતા આથી અમારી પાસે નવું ઘર બનાવવા માટે પૂરતી આવક ન હતી. અમને વરસાદ તથા અન્ય ઋતુમાં કાચા મકાનમાં રહેવા તકલીફ પડતી હતી ત્યારે મે ડો.આંબેડકર આવાસ યોજના વિશે સાંભળ્યું તથા અરજી કરી મને સમાજ કલ્યાણ કચેરી જુનાગઢ તરફથી રૂા. ૧.૨૦ લાખની સહાય ૩ હપ્તામાં ચૂકવવામાં આવી જેની મદદથી મેં મારૂ નવું ઘર બનાવ્યું અને ઘરના-ઘરનું સપનું પૂર્ણ કર્યું. આ ખુબ સરસ યોજના છે. જરૂરિયાત મંદ લોકોને હું આ યોજનાનો લાભ લેવા અપીલ કરૂ છું અને ગુજરાત સરકારને શુભકામના પાઠવું છું.

## પશુપાલન ખાતાની સરકારની યોજનાનો લાભ મેળવતા દેવાંગ ખીમાનંદભાઈ અખેડ



જૂનાગઢ, તા.૨૮ : રાજ્ય સરકારની વિવિભ યોજનાકીય સહાય જરૂરીયાત મંદ લાભાર્થીઓને એક જ સ્થળે હાથો-હાથ આપવાના આશયથી રાજ્ય ભરમાં ૧૪માં તબક્કાનો ગરીબ કલ્યાણ મેળાનું આોજન કરાયુ હતુ જે અંતર્ગત જૂનાગઢ ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાના મેળા દરમ્યાન દેવાંગ ખીમાનંદભાઈ અખેડ જણાવે છે કે, હું મેંદરડા તાલુકાના દાત્રાણા ગામનો રહેવાસી છું અને મને પશુપાલન ખાતાની સરકારની યોજના શુદ્ધ સંવર્ધન દ્વારા રાજ્યની સ્થાનિક ઓલાદની ગાય માં કૃત્રિમ બીજદાન થી જન્મેલ વાછરડીઓનાં પશુપાલકો માટે પ્રોત્સાહનનો લાભ મળેલ છે. ચાલુ વર્ષમાં સરકારની યોજનાઓ માટે આઈ-ખેડુત પોર્ટલ ઉપર પશુપાલન ખાતાની યોજનાઓ ચાલુ થતા સોશિયલ મીડિયા દ્વારા આ યોજનાની જાણ થતા જેની અરજી કરી અને મેંદરડા પશુ દવાખાના ખાતે અરજી મોકલી આપી જેમાં અમને સરકાર તરફથી ૩,૦૦૦ની સહાય સીધા અમારા બેંકના ખાતામાં જમાં થયેલ આ તકે હું સરકારનો આભાર માનું છું.

## જૂનાગઢ જીલ્લામાં યોજાયેલ ૧૪માં ગરીબ કલ્યાણ મેળામાં જૂનાગઢના રહેવાશી ભલાણી ભાવનાબેન ધીરજભાઈએ રજૂ કર્યા પોતાના પ્રતિભાવ



જૂનાગઢ તા.૨૮

જૂનાગઢ જિલ્લામાં યોજાયેલ ૧૪માં ગરીબ કલ્યાણ મેળામાં જૂનાગઢના રહેવાશી ભલાણી ભાવનાબેન ધીરજભાઈએ પોતાના પ્રતિભાવો આપતા જણાવ્યુ કે, હું મહાનગરપાલિકા, જૂનાગઢ ડે.એન.યુ.એલ.એમ. યોજના અંતર્ગત ઓમ શાંતિ સ્વસહાય જૂથમાં પ્રમુખ તરીકે જોડાયેલી છું. મારી ગૌવસાલામાં ૬૫ ગાયો છે. ગાય દુધના વેચાણની સાથે સાથે ગાયનાં ગોબરમાંથી ૫૪ જેવી અલગ અલગ ચીજ વસ્તુ જેવી કે ગોબરનાં દિપક, ધૂપ સ્ટિક, ધૂપ કાંડા, મચ્છર કાંડા, ઓમ- શ્રી- શુભ લાભ, તોરણ- ઝૂમર, લટકણ, ગોનાઈલ (ફિનાઈલ), પાંચ પ્રકારના સાબુ માલેસ તેલ, હેર ઓઈલ, પીડાંતક ધૃત બામ, અમૃત ગોળી, ગણપતિ, શિવાજી મહારાજ, અર્જુન ચા, દંતમંજન, સરગવા લીમડાના પાન નો છાસ મસાલો, ફલાવર પોર્ટ, રાખળી, ફૂટ મેટ, ચપ્પલ, ધૂપ કપ, ગૌમઈ લીપણ, પંચગ્રવ્ય ધૂપ નસ્ય, ગૌ મૂત્ર અર્ક, ગાય નાં ગોબર માંથી ૧૦૮ પારાની માળા વગેરે જેવી અઈટમ બનાવું છું. મહાનગરપાલીકા, જૂનાગઢ અંતર્ગત થતા અલગ અલગ મેલાઓ તથા સરકારશ્રીદ્વારા જૂનાગઢ તથા જૂનાગઢ બહાર થતા અલગ અલગ મેળાઓ કરું છું. ગોબરની ચીજ વસ્તુ બનાવીને માસિક ૨૫,૦૦૦ થી ૩૦,૦૦૦ જેટલી આવક મેળવું છું. જેમાંથી હું મારા ઘરનું ગુજરાન સારૂ ચલાવી શકું છું અને મારા બાળકોને સારો અભ્યાસ અપાવી શકું છું. જેથી હું સરકારશ્રી તથા મહાનગરપાલિકા, જૂનાગઢને આભાર માનું છું.

## ખેતીવાડી બાગાયત વિભાગના અર્બન હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ યોજના હેઠળ શ્યામ મહિલા મંડળની બહેનોએ તાલીમ લીધી



જૂનાગઢ, તા.૨૮

શ્યામ વાડી ખાતે તા.૨૪-૦૯-૨૦૨૪ને મંગળવારના રોજ ખેતીવાડી ખાતાના બાગાયત વિભાગ દ્વારા અર્બન હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ યોજના હેઠળ બહેનો માટે એક તાલીમ વર્ગ યોજાયો હતો જેમાં કિચન ગાર્ડન વિષેની જાણકારી બાગાયત વિભાગના નાયબ નિયામક મનોજભાઈ અગ્રવાલ, અધિકારી રાજેશભાઈ ચૌહાણ, ખ્યાતિબેન કવા, રક્ષિતાબેન, ઋતિકાબેન કાપડિયા વગેરે દ્વારા આપવામાં આવી હતી જેમાં ગુ. ક્ષ. ક. સમાજ દ્વારા સંચાલિત શ્યામ મહિલા મંડળની ૫૦ બહેનો એ ભાગ લીધો હતો જેમાં મહિલા મંડળના હોદેદારો રંજનબેન મોરવાડીયા, અરૂણાબેન ભાલીયા, છાયાબેન ચોટલીયા, ભાવનાબેન ચાવડા, હર્ષાબેન કાચા, કંચનબેન ચૌહાણ વગેરે બહેનો એ હાજરી આપી હતી અને કુન્ડામાં છોડ ઉછેર, અગાસીમાં શાકભાજી ઉગાડવા, ઘરની અંદર ફૂલ છોડ અને વેલ વગેરે બાબતોની તાલીમ આપવામાં આવી હતી. દરેક તાલીમાર્થી બહેનોને બાગાયત વિભાગ તરફથી પ્રમાણ પત્ર, એક કુન્ડુ અને એક પુસ્તીકા આપવા આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા કન્વિનર કિશોરભાઈ ચોટલીયા અને ભરતભાઈ ભાલીયા એ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમના અંતે બાગાયત વિભાગ દ્વારા ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. કિચન ગાર્ડન તાલિમ વર્ગમાં બહેનોને ખૂબ જ સારી એવી જાણકારી મેળવી હતી. કાર્યક્રમ એકંદરે ખૂબ જ સફળ રહ્યો હતો. ઉપરોક્ત કાર્યક્રમનુ સંચાલન કિશોરભાઈ ચોટલીયા અને આભાર વિધિ ચાંદનીબેન ચાવડા દ્વારા કરવામાં આવેલ હતી.

## ચેતન હનુમાન પે સેન્ટર શાળા લોઢવાના શિક્ષકની બદલી થતાં વિદાય સમારંભ યોજાયો

(જાદવ ભોળા દ્વારા)

લોઢવા, તા. ૨૮



લોઢવા ખાતે આવેલ ચેપન હનુમાન પે સેન્ટર શાળામાં છેલ્લા ૧૩ વરસથી શિક્ષક તરીકે ફરજ બજાવતાં રામભાઈ ડાકની બદલી ભાલકા ખાતે થતાં વિદાય સમારંભ યોજાયેલ. વિદ્યાર્થીઓમાં, સાથી શિક્ષકોમાં તથા ગામ લોકોમાં સારી લોકચાહનાં ધરાવનાર રામભાઈ ડાકીને વિદાય આપવાં વિદ્યાર્થીઓ તથા બહોળી સંખ્યામાં આગેવાનો અને ગ્રામજનો તથા મિત્રમંડળ ચેતન હનુમાન સીમશાળા ખાતે ઉપસ્થિત રહેલ. રામભાઈ ડાકી પોતે સેવાભાવી અને મળતિયો સ્વભાવ ધરાવતાં હોવાથી સારી લોકચાહનાં ધરાવે છે તેઓ લોઢવાની ગૌશાળાના વહીવટી હિસાબકિતાબમાં પણ સેવા આપતાં હતા અને ધાર્મિક અને સામાજિક પ્રસંગોએ પણ અચુક હાજરી આપી સેવા આપતા. અલગ અલગ મંદિરોમાં પણ હાજરી આપતાં અને ગામનાં યુવાનો સાથે વહેલી સવારે રનીંગ કરવા અને કસરત કરાવવા જતા શિક્ષક બનતા પહેલાં તેઓ એસઆરપીમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા. તેથી શારીરીક કસોટીમાં તૈયારી કરવામાં તેઓ ખુબ મદદગાર બનતા, તેમનાં વિદાય પ્રસંગે સમગ્ર પે સેન્ટરનાં સ્ટાફ તથા વિદ્યાર્થીઓ, આગેવાનો અને મિત્રમંડળે તેમનું પુષ્પગુચ્છ, ગિફટ, સ્મૃતિભેટ, શાલ ઓઢાડીને સન્માન કરેલ. હવે પછીની તેમની જીંદગી સુખમય, નિરામય વીતે અને ભાલકાની શાળામાં પણ બાળકોને તેમનાં અનુભવથી સારૂ શિક્ષણકાર્ય કરી સારી નામનાં મેળવે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. રામભાઈ ડાકી પણ પોતાની નવી શાળાનું શિક્ષણ કાર્ય પુરુ થયાં પછી બપોર પછીનાં સમયે આ ચેતન હનુમાન શાળામાં સીલેબસ પુરો કરાવવા આવતાં રહેશે તેવી વાત કરેલ. નવાં શિક્ષક હાજર થાય ત્યાં સુધી આ જુની શાળામાં પણ વિદ્યાર્થીઓને અભ્યાસકાર્યમાં અગવડ ન પડે તેનું ધ્યાન રાખનાર આવાં શિક્ષકો જવલ્લે જ જોવા મળે છે.

## સ્વચ્છ તા હિ સેવા અંતર્ગત સ્વછતા રથને શહેરના વોર્ડ નં.૧ થી ૧૫માં પ્રસ્થાન કરાવાયું

**સ્વચ્છતા માટેના સ્વૈચ્છિક અને સામુહિક પ્રયાસોને મજબુત કરવા 'સ્વચ્છતા હી સેવા' પખવાડિયાની ઉજવણી**





જૂનાગઢ, તા.૨૮

૨જી ઓક્ટોબર મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી નિમિતે શ્રદ્ધાંજલિ અર્પણ કરવા સમ્રગ ભારતના સ્વચ્છતા માટેના જન આંદોલનની ઉજવણી કરવામાં આવે છે,તેમજ આ દિવસને સ્વચ્છ ભારત દિવસ (SBD) તરીકે ઉજવવામાં આવે છે.

સ્વચ્છતા માટેના સ્વૈચ્છિક અને સામુહિક પ્રયાસોને મજબુત કરવા "સ્વચ્છતા હી સેવા"(SHS) પખવાડિયાની ઉજવણી કરવામાં આવી રહી છે.આ કાર્યક્રમ અંતર્ગત માન.કમિશ્નર ડો.ઓમ પ્રકાશની સુચના અને નાયબ કમિશ્નર એ.એસ.ઝાપડા,આસી.કમિશ્નર જયેશભાઈ પી વાજા,સેક્રેટરી અને આસી.કમિશનર(ટેક્ષ) તથા સેનીટેશન સુપ્રિટેન્ડેન્ટ કલ્પેશભાઈ ટોલીયાના માર્ગદર્શન મુજબ સુપરવાઈઝર રાજેશભાઈ ત્રિવેદી,ધર્મેશભાઈ ચુડાસમા, મનીષભાઈ દોશી અને ભરતભાઈ ગૌસ્વામી દ્વારા શહેરમાં દૈનિક જુદી જુદી થીમ સાથે ખાસ સફાઈ અભિયાન શરૂ કરવામાં આવેલ છે. જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા તા.૨૭/૯/૨૦૨૪ શુક્રવારના રોજ ગરીબ કલ્યાણ મેળામાં "સ્વચ્છ તા હિ સેવા" અંતર્ગત સ્વછતા રથને સંસદસભ્ય રાજેશભાઈ ચુડાસમા તેમજ ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, જિલ્લા પંચાયત પ્રમુખ હરેશભાઈ ઠુમ્મર, કલેકટર અનિલકુમાર રાણાવસિયા, જીલ્લા વિકાસ અધિકારી નિતીન સાંગવાન અને કમિશ્નર ડો.ઓમ પ્રકાશની ઉપસ્થિતિમાં ફલેગ ઓફ આપવામાં આવ્યો હતો.આ સ્વછતા રથ વોર્ડ નં.૧ થી ૧૫ના તમામ વિસ્તારોમાં ફરી અને લોકોને પ્રતિબંધિત પ્લાસ્ટિક, સોર્સ સેગ્રીગેસન, ઝીરો વેસ્ટ તેમજ ડ્રેનેજ સફાઈ પઈ સેન્ટર વિશેની સમજણ આપવામાં આવશે.

## કોડિનાર નગરપાલિકા દ્વારા સફાઇ કર્મચારીઓ માટે આરોગ્ય અને બેંક સુવિધા કેમ્પ યોજાયો

(મુગલ અલ્તાફ દ્વારા) કોડીનાર તા.૨૮



સમગ્ર જિલ્લામાં ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારમાં 'સ્વચ્છતા હી સેવા' અભિયાન આગળ વધી રહ્યું છે. ગ્રામ્ય-શહેરી વિસ્તારને સ્વચ્છ રાખવા સતત કામગીરી કરવામાં આવી રહી છે. સ્વચ્છતામાં સફાઈ મિત્રોનું અમૂલ્ય યોગદાન છે. આ યોગદાન બદલ સરકાર દ્વારા તેમની દરકાર લેવામાં આવી રહી છે. 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત સફાઈ મિત્ર સુરક્ષા શિબિર (અંત્યોદય દિવસ)નું આયોજન કોડિનાર નગરપાલિકા કચેરી ખાતે કરાયું હતું. કોડીનાર નગરપાલિકાના ચીફ ઓફિસર વિનોદ રાઠોડ દ્વારા સફાઈ કર્મચારીઓ માટે આરોગ્ય કેમ્પની સાથે બેંક સુવિધા કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. નગરપાલિકાના તમામ સફાઈ કર્મચારીઓ માટે આરોગ્ય ચકાસણી કેમ્પ થકી આરોગ્યની તપાસ કરી જરૂરી દવા આપવામાં આવી હતી. સાથે જ સફાઈ મિત્રો કે જેના બેંકમાં ખાતા ન હોય તેવા સફાઈ મિત્રોને સરકારની જનધન યોજના હેઠળ બેંકમાં ખાતા ખોલાવી આપ્યાં હતાં. તેમજ વિવિધ સરકારી યોજનાઓ અંગે માર્ગદર્શન આપવાની સાથે સફાઈ કર્મચારીઓને પીપીઈ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે જ સફાઈ કર્મચારીઓને સરકારની વિવિધ જન કલ્યાણકારી યોજનાઓનો લાભ મળે તથા અલગ અલગ યોજનાઓથી વાકેફ થાય તે માટે જન કલ્યાણલક્ષી યોજનાઓ વિશે માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# એક દેશ એક ચૂંટણીનાં જમા-ઉધાર પાસાં

લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓની ચૂંટણીઓ એક સાથે થાય તે બંધારણ સંમત હોવાની સાથે જ આખા દેશ માટે કલ્યાણકારી છે. તેના પક્ષમાં સૌથી મોટી દલીલ પણ છે કે તેનાથી આચાર સંહિતાના વમળમાં અને રાજકીય મલખંભથી મુક્તિ મળવાની સાથે જ ગવર્નન્સમાં બહેતરીથી વિકાસ કાર્યોની ઝડપ વધશે. આ વિશે છેલ્લા ૪૦ વર્ષોમાં ચૂંટણી પંચ, કાયદા પંચ, નીતિ આયોગ, બંધારણ સમીક્ષા આયોગ અને સંસદીય સમિતિઓ વિસ્તૃત રિપોર્ટ રજૂ કરી ચૂકી છે, પરંતુ એના પર અત્યાર સુધી અમલ નથી થયો. તેથી કોવિંદ સમિતિના રિપોર્ટ પર કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી બાદ તેને સફળ બનાવવા માટે વિધાયી અને રાજકીય, બંને મોરચે પ્રયાસો કરવા પડશે.

એક સાથે ચૂંટણીનો વિરોધ કરનારા લોકોએ એના પર વિચાર કરવો જોઈએ કે ૧૯૫૨થી ૧૯૬૭ની વચ્ચે થયેલ વિધાનસભા અને લોકસભાની ચાર ચૂંટણીઓથી બંધારણ અને લોકતંત્ર કમજોર નહોતું થયું. કેટલાક ભેજાંગેપ લોકો તેને સંઘીય માળખા વિરુદ્ધ માની રહ્યા છે, જ્યારે તેનાથી અનેક ક્ષેત્રીય પક્ષોની વિધાનસભાની સાથે લોકસભામાં તાકાત વધી શકે છે. તેનાથી અમેરિકાની તર્જ પર કેન્દ્રીય સ્તર પર દ્વિપક્ષીય વ્યવસ્થાનો વિકાસ થશે, જેનાથી ચૂંટણીઓમાં સ્તરીય આરોપોને બદલે સાર્થક ચર્ચાના નવા દોરની શરૂઆત થઈ શકે છે. કોવિંદ સમિતિના રિપોર્ટને લાગુ કરવા માટે કાર્યબળ બનાવવાની વાત થઈ રહી છે. મંત્રીમંડળની મંજૂરી બાદ હવે કાયદા મંત્રાલયે બિલનો મુસદ્દો બનાવવો પડશે. રાજ્યો અને વિપક્ષની સાથે યોગ્ય સંવાદ ન થયો, તો સંસદમાં રજૂ થયા બાદ બિલને સંયુક્ત સંસદીય સમિતિ પાસે મોકલવાની માંગ થઈ શકે છે. સંસદમાં બે તૃતિયાંશ બહુમતીથી બંધારણમાં સંશોધન પણ થઈ જાય, તો પછી રાજ્ય વિધાનસભાઓની મંજૂરી જોઈએ.

એક સાથે ચૂંટણી સાથે જોડાયેલા આર્થિક લાભોનું ઠોસ વૈજ્ઞાનિક અધ્યયન ઉપલબ્ધ નથી, પરંતુ કેટલાક ઉત્સાહી સમર્થકોએ જીડીપીમાં ૧.૫ ટકા વધારાનો દાવો કર્યો છે. પરંતુ એક સાથે ચૂંટણી વ્યવસ્થા લાગુ થવા છતાં રાજીનામાં, મૃત્યુ અને અયોગ્યતાના આધારે ખાલી થયેલ સીટો પર પેટા ચૂંટણીઓની સમસ્યા તો યથાવત જ રહેવાની. કેટલાક અર્થશાસ્ત્રીઓ અનુસાર સતત થનારી ચૂંટણીઓથી લોકતંત્રમાં જીવંતતા અને ખર્ચામાં ગરીબોની રસોઈનો જુગાડ થઈ જાય છે. પહેલાં સામાન્ય ચૂંટણીમાં લગભગ ૧૦.૫ કરોડ રૂપિયા ખર્ચ થતા હતા. નીતિ આયોગના રિપોર્ટ અનુસાર, લોકસભાની ચૂંટણી કરાવવામાં ૨૦૦૯માં ૧૧૯૫ કરોડ અને ૨૦૧૪માં લગભગ ૩૯૦૦ કરોડ રૂપિયા ખર્ચ થયા. પરંતુ અસલી ખર્ચ તો નેતા અને પાર્ટી કરે છે, જેનો સાચો હિસાબ જ નથી મળતો. ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીમાં લગભગ ૧.૩૫ લાખ કરોડ રૂપિયા ખર્ચ થયાનું અનુમાન છે. એટલેકે નેતાઓએ દરેક વોટર પર લગભગ એક હજાર રૂપિયા ખર્ચ કર્યા.

મોંઘી થતી ચૂંટણીઓથી સત્તાનાં વર્તુળોની ચકાચોંધનો જે દરવાજો ખૂલ્યો છે, તેને ઠીક કરવા માટે ઠોસ સુધારાની જરૂર છે. છેલ્લા કેટલાય દાયકામાં ચૂંટણી પંચે ચૂંટણી સુધાર સાથે જોડાયેલા કાયદામાં બદલાવ માટે યુપીએ અને એનડીએ સરકાર પાસે અનેક સૂચનો મોકલ્યાં છે. તેના માટે બંધારણ સંશોધનોને બદલે માત્ર કાયદાઓમાં પરિવર્તનથી મોટા બદલાવ આવી શકે છે. આવા બદલાવોને ખરા અર્થમાં લોકતંત્રમાં બહેતરી અને ગવર્નન્સનો માર્ગ પ્રશસ્ત થશે. કાયદા પંચના પાછલા રિપોર્ટથી બોધ લેતાં સરકારે રાજ્ય વિધાનસભાઓની ચૂંટણીઓને સમૂહમાં કરાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. અમેરિકા અને રશિયા જેવા મોટા દેશોમાં કેટલાય ટાઈમ ઝોન હોય છે. તેનાથી લોકોની સગવડ સાથે વીજળી અને ઊર્જાની બચત થાય છે. એ જ રીતે ભારતમાં રાજ્યોની વિધાનસભાઓના કેલેન્ડરને પાટા પર લાવવામાં આવે તો સતત થઈ રહેલ ચૂંટણીઓમાં ઘટાડો થઈ શકે છે. હાલની કાનૂની વ્યવસ્થા અનુસાર વિધાનસભાનો કાર્યકાળ ખતમ થવાના છ મહિના પહેલાં ચૂંટણી કરાવી શકાય છે. તેને એક વર્ષ કરી દેવામાં આવે તો કેટલાંય રાજેયમાં વિધાનસભા ચૂંટણી એક સાથે થઈ શકે છે. તેના માટે બંધારણ સંશોધનને બદલે સંસદથી માત્ર જન-પ્રતિનિધિત્વ અધિનિયમમાં બદલાવ કરવાની જરૂર છે.

ગવર્નન્સથી જનતાનું દિલ જીતવામાં નિષ્ફળ કેટલાય નેતા અધકચરા કાયદાથી મતદારોને લોભાવવાનો પ્રયાસ કરે છે. કોલકાતામાં મહિલા ડોક્ટર પર અત્યાચાર કરનારા અપરાધીઓ અને પોલીસ અધિકારીઓ વિરુદ્ધ ઠોસ કાર્યવાહી કરવાને બદલે મમતા સરકારે અપરાજિતા કાયદાનું ગતકડું વહેતું મૂક્યું. પરંતુ મહારાષ્ટ્ર અને આંધ્ર પ્રદેશે પણ કેટલાય વર્ષ પહેલાં આવા જ કાયદા બનાવ્યા હતા, જેને હજુ સુધી લાગુ નથી કરવામાં આવ્યા. ખાનગી ક્ષેત્ર અને માટી પુત્રોના અનામત સાથે જોડાયેલા કેટલાય કાયદા અદાલતોનાં ચક્કર કાપી રહ્યા છે. ઉત્તરાખંડમાં ચૂંટણી પહેલાં સમાન નાગિરક સંહિતાનો કાયદાનો હોબાળો થયો હતો, તેની સાથે જોડાયેલા નિયમો હજુ સુધી નહીં બનવાને કારણે એ કાયદો લાગુ નથી થયો. પાછલી લોકસભામાં મહિલા અનામત માટે વિધેયક પસાર થઈ ગયું, પરંતુ તેના અમલની સમયસીમા સ્પષ્ટ નથી. તેથી એક સાથે ચૂંટણી પર કોરી ચર્ચા અને વિરોધાભાસ વધારવાને બદલે તેને લાગુ કરવાના ઠોસ રોડમેપ પર અમલ કરવાની જરૂર છે.

એક સાથે ચૂંટણી કરાવવા માટે બંધારણ સંશોધન થઈ જતાં કેન્દ્રીય ચૂંટણી પંચ પાસે પર્યાપ્ત શક્તિ આવી જશે. ઈવીએમ મશીન, વીવીપેટ, પ્રશાસનિક મહેકમ અને સુરક્ષા દળોની ઉપલબ્ધતાના મુદ્દાનું પણ નિરાકરણ થઈ શકે છે. પરંતુ બંધારણની સાતમી અનુસૂચિ અનુસાર, સ્થાનિક નિગમોનો વિષય રાજ્યોને આધીન છે. સ્થાનિક નિગમોની ચૂંટણીઓને લોકસભાના ૧૦૦ દિવસ બાદ કરાવવાના કાયદાને લાગુ કરવા માટે તમામ રાજ્યોની સહમતિની જરૂર પડશે. અસમ, પશ્ચિમ બંગાળ અને સીમાવર્તી રાજ્યોમાં નાગરિકતા સાથે જોડાયેલા મામલે રાજકીય વિવાદથી સ્પષ્ટ છેકે આખા દેશ માટે એક વોટર લીસ્ટની પહેલ પ્રશાસનિક અને બંધારણીય ગૂંચવણોનો શિકાર થઈ શકે છે.

આગામી લોકસભા ચૂંટણી પહેલાં જનગણના થવાની છે, જેમાં જાતિગત જનગણનાનું કોકડું ગૂંચવાયેલું છે. પછી લોકસભા સીટોના પરિસીમનમાં ઉત્તર અને દક્ષિણ ભારતના ક્ષેત્રવાદનો વિવાદ હાવી થઈ શકે છે. એવા અનેક પડકારો વચ્ચે બંધારણ અને કાયદામાં સંશોધન કરીને એક સાથે ચૂંટણી કરાવવાના સંકલ્પને સફળ બનાવવો સરકાર માટે મુશ્કેલ કામ સાબિત થઈ શકે છે.

# ખંભાળિયાના માર્કેટિંગ યાર્ડ ખાતે કેબિનેટ મંત્રીની અધ્યક્ષતામાં જીલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો

## જીલ્લાના ૧૨ હજાર લાભાર્થીઓને રૂા. ૩.૬૬ કરોડથી વધુ રકમના લાભો અપાયા









(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા, તા. ૨૮

ખંભાળિયાના માર્કેટિંગ યાર્ડ ખાતે શુક્રવારે જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાની અધ્યક્ષતામાં યોજાયો હતો. જેમાં જિલ્લાના ૧૨,૪૧૧ જેટલા લાભાર્થીઓને રૂ. ૩.૬૬ કરોડથી વધુ રકમની સાધન સહાય વિતરીત કરવામાં આવી હતી. ગરીબ કલ્યાણ મેળાને ખરા અર્થમાં વંચિતોનો વિકાસ મેળો વર્ણવતા કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા જણાવ્યું હતું કે, ગરીબો તથા દરિદ્ર નારાયણોને આર્થિક રીતે સશકત કરવા માટે તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વર્ષ ૨૦૦૯-૧૦ માં ગરીબ કલ્યાણ મેળાનો ઉપક્રમ શરૂ કરાવ્યો હતો. "સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ"ની નવી પરિભાષા નરેન્દ્રભાઈ મોદીએ વિકાસ માટે પ્રેરણાદાયી પાયો નાખ્યો છે. વડાપ્રધાનના કંડારેલા જન કલ્યાણના સેવાયજ્ઞને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ધ્યેયનિષ્ઠા સાથે વહીવટી તંત્ર અને સમાજને માર્ગદર્શક નેતૃત્વ પૂરું પાડી સુશાસનની દિશામાં પ્રતિબદ્ધતા સાથે પરિણામલક્ષી વિકાસની ઉંચાઈઓ સર કરવા પ્રયત્નશીલ છે.

જન સુખાકારી માટે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવતા વધુમાં મંત્રીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં પારદર્શિતા, નિર્ણાયકતા, સંવેદનશીલતા અને પ્રગતિશીલતાને પાયામાં રાખી રાજ્ય સરકાર દ્વારા ગરીબોના ઉત્કર્ષ અને સર્વાંગી વિકાસના માટે કલ્યાણકારી પગલાંઓ લેવામાં આવી રહ્યા છે. સરકારની કલ્યાણકારી યોજનાઓના ખરેખર જે લોકો હકદાર છે તેની સચોટ ઓળખ કરી તેમને લાભ ગરીબો અને વંચિતોને આત્મનિર્ભર બનાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર પણ સતત પ્રયત્નશીલ રહે છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આ વર્ષે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ૧૪ માં તબક્કાના ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન આજરોજ સમગ્ર રાજ્યમાં કરવામાં આવી રહ્યું છે. વર્ષ ૨૦૦૯-૧૦થી શરૂ કરાયેલ ગરીબ કલ્યાણ મેળામાં ૧૩ તબક્કાઓમાં કુલ ૧૬૦૪ જેટલા ગરીબ કલ્યાણ મેળાઓ યોજી કુલ ૧.૬૬ કરોડથી વધુ લાભાર્થીઓને લાભાન્વિત કરાયા છે. ગરીબ કલ્યાણ મેળાઓનો મુખ્ય ઉદ્દેશ્ય વ્યક્તિલક્ષી યોજનાઓ ઝડપી લાભ, વિવિધ કલ્યાણકારી યોજનાઓનો વિસ્તૃત સમજ તેમજ રાજ્યના સર્વાંગી વિકાસમાં લોકસહયોગ સાથે ગરીબ પરિવારોને હાથો હાથ સહાય આપવાનો છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ પ્રવાસન ક્ષેત્ર પણ ઝડપથી વિકસિત થઈ રહ્યું છે. પ્રવાસન સ્થળોના વિકાસના પરિણામે ગરીબો માટે રોજગારીની વિપુલ તકો નિર્માણ થયું છે જેના પરિણામે તેમના જીવન ધોરણમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. વધુમાં મંત્રી મુળુભાઈએ જણાવ્યું હતું કે, નરેન્દ્રભાઈ મોદીએ પ્રકૃતિના સંવર્ધન અને જતન માટે "એક પેડ માં કે નામ" તથા "સ્વચ્છતા હિ સેવા" અભિયાન હાથ ધરવામાં આવી રહ્યું છે.

ગરીબ કલ્યાણ મેળા કાર્યક્રમમાં સ્વાગત ઉદબોધન કરતા જિલ્લા કલેકટર જી.ટી. પંડ્યાએ જણાવ્યું હતું કે, ગરીબ કલ્યાણ મેળા માત્ર સરકારી સહાય આપવાના ઉદેશ્યથી નહિ પરંતુ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશીતાથી ગરીબોના સશક્તિકરણનું મહાઅભિયાન બન્યું છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સરકારની વિવિધ જનકલ્યાણલક્ષી યોજનાઓથી એક પણ જરૂરિયાતમંદ અળગો ન રહે તે માટે જિલ્લા વહીવટી તંત્ર સતત પ્રયત્નશીલ છે. આ કોઈ પર દયા, દાન કે ઉપકાર નહિ પણ જેના હક્કનું છે તેને લાભ આપવાનો સેવાયજ્ઞ છે. જિલ્લામાં સરકારની અનેકવિધ યોજનાઓના ૧૨,૪૧૧ લાભાર્થીઓને રૂ. ૩.૬૬ કરોડથી વધુ રકમની સહાય વિતરીત કરવામાં આવી હતી. ઉપરાંત જિલ્લામાં અન્ન અને નાગરિક પુરવઠા, કૃષિ અને સહકાર વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સહિત અનેક યોજનાઓના ગરીબ કલ્યાણ મેળા પૂર્વે ૪૭,૪૫૮ જેટલા લાભાર્થીઓને રૂ. ૨૦.૩૭ કરોડથી વધુ રકમના લાભોથી લાભાન્વિત કરવામાં આવ્યા છે. આ સાથે અગ્રણી પી.એસ જાડેજાએ જણાવ્યું હતું કે, જેના હક્કનું છે તે નાગરિકોને મળે તે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો અભિગમ હતો. હવે સરકારની યોજનાઓનો લાભ મેળવવા માટે સરકારી કચેરી જવું નથી પડતું. પરંતુ અધિકારીઓ તથા કર્મચારીઓ લાભાર્થીઓની ઓળખ કરી તેમની પાસે જઈ લાભાર્થીઓને લાભ મળી રહે તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા સહિત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિદેશ ઉચ્ચ અભ્યાસ લોન, પાલક માતા પિતા યોજના, આંબેડકર આવાસ યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, મુખ્યમંત્રી ભાગ્ય લક્ષ્મી બોન્ડ યોજના, માનવ કલ્યાણ યોજના, માનવ ગરીમા યોજના, પી.એમ. વિશ્વકર્મા યોજના, વ્હાલી દીકરી યોજન સહિત અનેક કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓને સાધન સહાય વિતરીત કરવામાં આવી હતી. ત્યારબાદ વિવિધ જન કલ્યાણકારી યોજનાઓની માહિતી આપતા સ્ટોલની મુલાકાત લીધી હતી. તેમજ મહાનુભાવો દ્વારા એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આભારવિધિ ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી ભૂપેશ જોટાણીયા દ્વારા કરવામાં આવી હતી. ગરીબ કલ્યાણ મેળાના જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં જિલ્લા પંચાયત સદસ્યો, હોદ્દેદારો, સહિતના અધિકારીઓ, કર્મચારીઓ, લાભાર્થીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

જે પુરૂષની બુધ્ધિ સમ છે તે ઉત્તમ છે.

- શ્રીમદ્ ભાગવદ્ ગીતા

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.અર્દીબહેસ્ત-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, ભાદરવા વદ-૧૧ ઈન્દીરા એકાદશી તા.૨૮ સપ્ટેમ્બર ૨૦૨૪, શનિવાર, પારસી તા.૧૫, મુસ્લિમ તા.૨૪, આશ્લેષા નક્ષત્ર, સિધ્ધ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૪૩, સૂ.અ.૬:૪૧

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ), પરોઢે ૫:૩૮ ક. પછી જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે. - કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ભાઈ-બહેનની મદદ મળે. વ્યર્થ ચિંતા દૂર થાય.
વૃષભ:નવિન ઓળખાણ થાય. પ્રિયજનથી વિરહ રહે.
મિથુન:મૂંઝવણમાંથી માર્ગ મળે. જીવનસાથી દ્વારા માન મેળવી શકશો.
કર્ક: કુટુંબમાં મતભેદ ઊભા થાય. નવિન જવાબદારી આવી પડે.
સિંહ: કુટુંબથી દૂર રહેવું પવડે. આકસ્મીક ધન લાભ મેળવી શકશો.
કન્યા: માનસિક અસ્વસ્થતા રહે. જીવનસાથી સાથે વિવાદ ઊભો થાય.
તુલા: આર્થિક લેવડ-દેવડમાં સંભાળવું. કચેરીના કાર્યમાં નિષ્ફળતા.
વૃશ્ચિક:આરોગ્ય બાબતે સાવચેત રહેવું. આર્થિક મૂંઝવણ સતાવે.
ધન: પરિવારમાં યશ, વૃધ્ધિ રહે. માંગલિક પ્રસંગનું આયોજન થાય.
મકર: પ્રવાસમાં નિષ્ફળતા, કુટુંબજીવનનો સુખદ અનુભવ થાય.
કુંભ: મનમાં વ્યગ્રતા રહે. નાણાંકીય સમસ્યા હલ થાય.
મીન: માર્ગમાં અવરોધ દૂર થાય. પરિશ્રમનો લાભ ઉઠાવી શકશો.

# વેરાવળ સમસ્ત ખારવા સમાજના અધ્યક્ષ તેમજ અખિલ ગુજરાત માછીમાર મહામંડળના પ્રમુખ કિશોરભાઈ કુહાડા દ્વારા વેરાવળ સાગર સ્કુલના વિદ્યાર્થીઓને સન્માનિત કરેલ



(પ્રતિનિધિ દ્વારા)
પ્રભાસ-પાટણ તા.૨૮

વેરાવળ સમસ્ત ખારવા સમાજના પટેલ અને વેરાવળ-પાટણ સનાતન હિન્દુ સેવા સમાજના, પ્રમુખ જીતુભાઈ મોહનભાઈ કુહાડા અને અખિલ ગુજરાત માછીમાર મહામંડળના પ્રમુખ કિશોરભાઈ મોહનભાઈ કુહાડા દ્વારા ખારવા સમાજની વાડીએ ખાતે તારીખ ૨૬-૦૯-૨૦૨૪ને ગુરૂવારના રોજ સાગર સ્કુલના વિદ્યાર્થીઓ તેમજ બાળાઓને પ્રોત્સાહિત ઈનામ જે અભ્યાસ શ્રેત્રે ઉપયોગ થઈ શકે તેવી કિટ અને રોકડ પુરસ્કાર સાથે ભાવભેર વિતરણ સમસ્ત ખારવા સમાજના પટેલ જીતુભાઈ મોહનભાઈ કુહાડા, ઉપપટેલ બાબુભાઈ આગીયા, ગોપાલભાઈ ફોફંડી, હોડી એસોસિએશનના પ્રમુખ હીરાભાઈ વધાવી, વેરાવળ બોટ એસોસિએશનના ઉપપ્રમુખ બાલાભાઈ કોટીયા, અખિલ ગુજરાત માછીમાર મહામંડળના મંત્રી પૃથ્વીભાઈ ફોફંડી, ખારવા સમાજના મંત્રી નારણભાઈ બાંડીયા, ખારવા સમાજના આગેવાનો કિશોરભાઈ ગણેશભાઈ કુહાડા, રામભાઈ કોટીયા, જીતુભાઈ વેરાવળ સાગર સ્કૂલના શિક્ષક પુષ્પાબેન ખાપંડી લલીતાબેન તેમજ બહોળી સંખ્યામાં નાના નાના ભૂલકાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આખરે ખંભાળિયા પાલિકામાં જનરલ બોર્ડ સહિતની બાબતે કેબિનેટ મંત્રીની ઉપસ્થિતિમાં સંકલન સધાયું



(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા તા.૨૮

ખંભાળિયા નગરપાલિકામાં ચાલી રહેલી આંતરિક સખળ-ડખળ તેમજ વાદ-વિવાદ વચ્ચે છેલ્લા સાતેક માસથી સામાન્ય સભા ન બોલાવતા તેમજ પાલિકામાં રહેલી આશરે રૂપિયા ૬ કરોડથી વધુની ગ્રાન્ટ વણ વપરાયેલી રહેતા આમ મુદ્દો ભારે ચગ્યો છે. આ બાબતે અહીંના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી દ્વારા ગઈકાલે ખાસ બેઠક યોજીને સંકલન સધાયું હતું. નગરપાલિકામાં સામાન્ય રીતે દર ચાર મહિને એક જનરલ બોર્ડની મીટીંગ બોલાવી અનિવાર્ય છે. ત્યારે ખંભાળિયા નગરપાલિકામાં ગત માર્ચ માસમાં જનરલ બોર્ડ યોજાઈ હતી. ત્યાર પછી છેલ્લા સાતેક માસથી કોઈ કારણોસર આ બેઠક બોલાવાઈ ન હતી. જનરલ બોર્ડની બેઠક માટે તાજેતરમાં બોલાવવામાં આવેલી સંકલન બેઠકમાં ભાજપના ૨૬ માંથી અડધાથી વધુ સભ્યો ગેરહાજર રહ્યા હતા. પાલિકા કાઉન્સિલરોમાં આંતરિક સંઘર્ષ તેમજ અધિકારીઓ વચ્ચે ચાલતા વાદ-વિવાદ અને ઘર્ષણના કારણે અહીંનું રાજકારણ ગરમી ભર્યું બની રહ્યું છે. જેના ફળ સ્વરૂપે નગરપાલિકામાં રહેલી આશરે રૂપિયા સાડા છ કરોડ જેટલી જંગી રકમ વિકાસ કાર્યોમાં વપરાયા વગરની પડી રહી છે.

# આ વર્ષે નોરતામાં માતાજી પાલખી ઉપર સવાર થઈને પધારશે નોમ તિથિના દિવસે જ દશેરા છે

આ વર્ષે નવરાત્રીમાં માતાજી પાલખી ઉપર સવાર થઈને પધારશે આસો સુદ એકમને ગુરૂવાર તારીખ ૩-૧૦-૨૪ના દિવસે નવરાત્રીનો પ્રારંભ થશે. આ વર્ષે ત્રીજું નોરતું વધે છે પરંતુ જ્યોતિષ તથા શાસ્ત્રના નિયમ પ્રમાણે દરેક પંચાંગ પ્રમાણે તારીખ ૧૨ ઓક્ટોબર શનિવારે નવમા નોરતે જ દશેરા છે. આમ નોમ અને દશેરા ભેગા મનાવાસે પરંતુ ત્રીજની વૃદ્ધિ તિથિ હોતા નોરતા નવે નવ પુરા રહેશે. હવનાષ્ટામી ૧૧ ઓક્ટોબરને શુક્રવારે છે જ્યારે દશેરા ૧૨ ઓક્ટોબર શનિવારે છે. ગુરૂવારે નવરાત્રીનો પ્રારંભ થતો હોવાથી આ વર્ષે માતાજી નવદુર્ગા પાલખી ઉપર સવાર થઈને પધારશે. જોકે શાસ્ત્ર પ્રમાણે આ શુભ ગણાતું નથી. બીમારીઓમાં વધારો થાય, ખર્ચા ઓછા કરવા, આર્થિક બચત લોકોએ વધારે રાખવી જોઈએ.

**ગુરૂવારે ઘટ્ટ સ્થાપના ગરબો સ્થાપનાના શુભ મૂહુર્ત**

ગુરૂવારે દિવસના ચોઘડિયા શુભ ૬.૪૦થી ૮.૦૯, ચલ ૧૧.૦૭થી ૧૨.૩૬, લાભ ૧૨.૩૬ થી ૨.૦૪, અમૃત ૨.૦૪ થી ૩.૩૩, શુભ ૫.૦૨ થી ૬.૩૧, ગુરૂવારે રાત્રીના ચોઘડિયા, અમૃત ૬.૩૧ થી ૮.૦૨, બપોરે અભિજીત મુહૂર્ત ૧૨.૧૨ થી ૧, રાત્રે પ્રદોષ કાળનો શુભ સમય ૬.૩૧ થી ૮.૫૭ પ્રદોષ કાળને પણ અતિ ઉત્તમ માનવામાં આવે છે.

નવરાત્રીમાં માતાજીની ઉપાસનામાં એક બજોઠ અથવા પાટલા ઉપર લાલ વસ્ત્ર પાથરી તેના ઉપર નવદુર્ગા માતાજી અથવા તો કુળદેવી માતાજીની છબી પધરાવી બાજુમાં ગરબો રાખોવો દરરોજ સવાર સાંજ દીવા કરવા માતાજીને કંકુનો ચાંદલો ચોખા અબીલ ગુલાલ કંકુ અર્પણ કરવા માતાજીને દરરોજ નવે દિવસ અલગ અલગ આ પ્રમાણે નૈવેધ અર્પણ ધરવું નવદુર્ગા માતાજીની છબી ન હોય તો કુળદેવી માતાજીની છબીને અર્પણ કરવું. દરરોજ માતાજીની આરતી ઉતારવી ગરબા ગાવા કુળદેવી મંત્રના જાપ અથવા તો નવાર્ણ મંત્ર જપની દરરોજ ૩, ૭ અથવા ૧૧ માળા કરવી માતાજીને નવ દિવસના નેવેદ્ય કયા ધરાવા તેની માહિતી...

(૧) પહેલા નોરતે : ગાયના ઘીનું નૈવેદ્ય ધરાવું અથવા તો દૂધના પેડા ધરવા.
(૨) બીજા નોરતે : સાકરનું નેવેદ્ય ધરાવું.
(૩) ત્રીજા નોરતે : દૂધની મીઠાઈ ધરાવી.
(૪) ચોથા નોરતે : માલપુઆ અથવા ખીર ધરાવી.
(૫) પાંચમા નોરતે : માતાજીને કેળા ધરાવવા.
(૬) છઠ્ઠા નોરતે : માતાજીને મધ ધરાવું.
(૭) સાતમા નોરતે : માતાજીના ગોળ અથવા ગોળથી બનેલ મીઠાઈ ધરાવી.
(૮) આઠમા નોરતે : માતાજીને નાળિયેર અથવા ટોપરા પાક ધરાવો.
(૯) નવમા નોરતે : માતાજીને દૂધ અથવા તો તલમાંથી બનેલ મીઠાઈ ધરાવી.

- જ્યોતિષી રાજદીપ જોશી(વેદાંત રત્ન)

# દેશમાં અનેક સ્થળે ટ્રેન ઉથલાવવાના પ્રયાસોથી ચિંતિત રેલવેમંત્રી : કડક પગલાં લેવાના શપથ લઈ તાજેતરની ઘટનાઓની તપાસ NIAને સુપરત કરી



નવી દિલ્હી, તા.૨૮

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે દેશમાં તાજેતરમાં ટ્રેન ઉથલાવવાના કેટલાક પ્રયાસો થયા છે તેની તપાસ સરકારે એનઆઈએને સોંપવાનો નિર્ણય કર્યો છે. જે રાજ્યોમાં ટ્રેનને ઉથલાવી દેવાના પ્રયાસો થયા છે ત્યાં તપાસ થશે અને એ રાજ્યના ડીજીપી તથા ગૃહ સચિવ પણ તપાસ કરશે. અત્યાર સુધી જોકે કોઈ મોટી હોનારત થઈ નથી. જયપુરમાં મીડિયા સાથે વાતચીત કરતા રેલવેમંત્રીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારો તથા ડીજીપી અને રાજ્યના ગૃહ સચિવ સાથે વાટાઘાટો ચાલી રહી છે. એનઆઈએ પણ તપાસમાં જોડાશે અને જે લોકોએ આવા અકસ્માતો સર્જવા માટે પ્રયાસો કર્યા છે એવા તમામ લોકો સામે કઠોર પગલાં લેવામાં આવશે એ મારો નિર્ધાર છે. તેમણે કહ્યું હતું કે સરકાર ટ્રેનની મુસાફરીની સુરક્ષા સામેના જોખમો અંગે ખૂબ જ ગંભીર છે અને ટ્રેનને ઉથલાવી દેવાના પ્રયાસ કરનાર કોઈપણ હોય તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે એવો મારો સંકલ્પ છે. છેલ્લા કેટલાક સમયથી અલગ-અલગ સ્થળે આવી ઘટનાઓ બની છે જ્યાં રેલવેના પાટા ઉપરથી સિલિન્ડર અને લોખંડના સળિયા જેવી ચીજો ગોઠવાયેલી મળી આવી છે. જે ટ્રેન ઉથલાવવાના કાવતરા તરફ સ્પષ્ટ નિર્દેશ કરે છે. તાજેતરમાં જ મિરઝાપુર સ્ટેશન તરફ આવી રહેલી મહાબોધિ એક્સપ્રેસ ઉપર પથ્થરમારો થયો હતો. રેલવે સ્ટેશન પાસે ટ્રેન પહોંચી રહી હતી ત્યારે કોઈ અજાણી વ્યક્તિએ પથ્થરો ફેંક્યા હતા અને ગાર્ડની બ્રેક ઉપર પથ્થરો પડ્યા હતા પ સદનસીબે કોઈને ઈજા થઈ નહોતી. ઉત્તર મધ્ય રેલવેના કર્મચારીઓએ જણાવ્યું હતું કે મહાબોધિ એક્સપ્રેસ ટ્રેન મિરઝાપુરની નજીક પહોંચી રહી હતી ત્યારે કોચના સ્ટાફ અને ગાર્ડ દ્વારા કંટ્રોલરૂમને જાણ કરવામાં આવી હતી કે બ્રેકવાન ઉપર પથ્થર પડ્યા છે અને કંટ્રોલ દ્વારા સુરત જ આરપીએફને જાણ કરવામાં આવી હતી જો કે કોઈ ઈજા થઈ નથી કે કોઈ જાનહાની થઈ નથી અને પરિસ્થિતિ સંભાળી લેવામાં આવી હતી. દરમ્યાન રેલવે તંત્ર દ્વારા રેલ રક્ષક દળની પણ સ્થાપના કરવામાં આવી છે અને નોર્થ વેસ્ટ રેલવે ઝોનથી આ પહેલની શરૂઆત કરવામાં આવી છે રેલવે રક્ષક દળ આવી કોઈ પણ ઘટના વખતે સુરત જ સ્થળ ઉપર પહોંચી જાય છે અને બચાવ કામગીરી શરૂ કરી દે છે.

# બેંગ્લુરૂ મહિલાની હત્યા : પીડિતાના શરીરના અંગો કાપીને ફ્રીજમાં સ્ટોર કરેલ તસવીરો અને વીડિયો સામે આવ્યા

(એજન્સી) તા.૨૮

બેંગ્લુરૂમાં ભયાનક હત્યા કેસ જ્યાં ૨૯ વર્ષીય મહિલાના કથિત રૂપે ૩૦ ટુકડા કરવામાં આવ્યા હતા અને તેના બોયફ્રેન્ડ દ્વારા ઘરના ફ્રિજમાં સંગ્રહિત તેના શરીરના ભાગોએ સમગ્ર શહેર અને દેશમાં આઘાત ફેલાવ્યો હતો. જઘન્ય અપરાધ પ્રકાશમાં આવ્યા પછી ઘટનાના હેતુપૂર્ણ ચિત્રો અને વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉ ટ્વિટર) ઉપર શેર કરવામાં આવ્યા હતા. વીડિયો અને તસવીરો ગુનાના ગંભીર સ્વરૂપને દર્શાવે છે. જો કે, X ઉપર પ્રસારિત કરવામાં આવેલ વીડિયો અને તસવીરો અધિકૃત છે અને બેંગ્લુરૂના ગુના સાથે સંબંધિત છે કે કેમ તે અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ નથી. અપરાધના હેતુપૂર્વકના વીડિયોમાં માનવ શરીરના ભાગો ભરેલા ફ્રિજ દેખાય છે. વીડિયોમાં દાવા સાથે શેર કરવામાં આવ્યો છે કે શરીરના અંગો બેંગ્લુરૂના ગુનાનો ભોગ બનેલી યુવતીના છે અને તેમાં એક મહિલા ભયાનક રીતે બૂમો પાડતી અને ફ્રિજમાં શરીરના અંગોને જોયા બાદ રૂમમાંથી બહાર નીકળતી દેખાય છે. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, અહીંના મલ્લેશ્વરમમાં એક ઘરમાંથી ૨૯ વર્ષીય મહિલાનો ખંડિત મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, મહાલક્ષ્મીના મૃતદેહને ૩૦થી વધુ ટુકડાઓમાં કાપીને રેફ્રિજરેટરમાં ભરવામાં આવ્યો હતો. જાણવા મળ્યું છે કે મહિલા તેના પતિથી અલગ રહેતી હતી. મહાલક્ષ્મી મલ્લેશ્વરમમાં રહેતી હતી અને એક મોલમાં કામ કરતી હતી, જ્યારે તેનો પતિ શહેરથી દૂર એક આશ્રમમાં કામ કરતો હતો. ઘટનાની જાણ થતા તેઓ પણ ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આરોપીની ઓળખ અશરફ તરીકે થઈ છે અને તે પશ્ચિમ બંગાળનો છે. બેંગ્લુરૂ પોલીસે આરોપીને પકડવા માટે ટીમો બનાવી છે કારણ કે તે ગુના બાદ ફરાર છે.

# ભારતીય યુવા વ્યાવસાયિક મહિલાઓ વૈશ્વિક સ્તરે સૌથી વધુ અઠવાડિયામાં ૫૫ કલાક કામ કરે છે

મુંબઈ તા.૨૮

પુણે સ્થિત ૨૬ વર્ષીય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અન્ના સેબેસ્ટિયન પેરાઈલના મૃત્યુથી ભારતમાં વ્યાવસાયિકોના કામના ભારણ વિશે તીવ્ર ચર્ચાઓ થઈ રહી છે. અન્નાની માતા, અનીતા ઓગસ્ટિન દ્વારા લખાયેલા પત્ર અનુસાર, અર્ન્સ્ટ એન્ડ યંગ (ઈરૂ)ના યુવા વ્યાવસાયિકે "કામના તણાવ"ને કારણે પોતાનો જીવ ગુમાવ્યો હતો. શ્રીમતી ઓગસ્ટિને ઈરૂના અધ્યક્ષને લખેલા તેમના પત્રમાં જણાવ્યું હતું કે અન્નાને આગલી સવારે સમયમર્યાદા સાથે રાત્રે કામ સોંપવામાં આવ્યું હતું. આ એક પ્રણાલીગત સમસ્યા છે અને કામનો બોજ, નવું વાતાવરણ અને વધુ કલાકોએ તેની પુત્રી પર અસર કરી હતી તેણીએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે અન્નાના અંતિમ સંસ્કારમાં ઓફિસમાંથી કોઈ આવ્યું ન હતું. સુશ્રી ઓગસ્ટિનનો આ પત્ર વાયરલ થયો હતો, અને EY ઈન્ડિયાના અધ્યક્ષ રાજીવ મેમાણી તરફથી જવાબ મળ્યો હતો, જેમણે અન્નાના અંતિમ સંસ્કારમાં કંપનીના કર્મચારીઓ ગેરહાજર હોવાનો ખરેખર અફસોસ વ્યક્ત કર્યો હતો અને કહ્યું કે અમારા લોકોની સુખાકારી એ મારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. આ ઘટના ભારતમાં વધતા જતાં વર્કલોડ કેવી રીતે ખાસ કરીને પુરૂષ-પ્રધાન વાતાવરણમાં કામ કરતી યુવતીઓને અસર કરે છે તે દર્શાવે છે. ડેટા દર્શાવે છે કે ભારતીય મહિલાઓ વૈશ્વિક સ્તરે સૌથી વધુ કલાકો સુધી કામ કરે છે. ચાર્ટ ૧ એ સરેરાશ સાપ્તાહિક કલાકો દર્શાવે છે અને ભારતીય મહિલાઓ ૨૦૨૩માં વિવિધ પ્રકારની નોકરીઓમાં કામ કરે છે તે દર્શાવે છે. માહિતી અને સંદેશા વ્યવહારની નોકરીઓમાં ભારતીય મહિલા કામદારો, જેમાં IT વ્યાવસાયિકો અને પત્રકારોનો સમાવેશ થાય છે, તેઓએ ૨૦૨૩માં દર અઠવાડિયે ૫૬.૫ કલાક કામ કર્યું હતું, જે ભારતમાં કોઈપણ પ્રકારની નોકરી માટે સૌથી વધુ છે. જો આપણે પાંચ દિવસના કાર્ય સપ્તાહને ધ્યાનમાં લઈએ, તો તે દિવસમાં ૧૧ કલાકથી વધુ કામ કરે છે, અથવા છ દિવસના કાર્ય સપ્તાહના કિસ્સામાં, તે દિવસમાં ૯ કલાકથી વધુ કામ કરે છે. ભારતમાં વ્યાવસાયિક, વૈજ્ઞાનિક અને તકનીકી પ્રવૃત્તિઓમાં કામ કરતી મહિલાઓ અઠવાડિયામાં ૫૩.૨ કલાક કરે છે. તેની સરખામણીમાં ભારતમાં મહિલા શિક્ષક અઠવાડિયામાં ૪૬ કલાક કામ કરે છે. જો માત્ર નાના કામદારોને ધ્યાનમાં લેવામાં આવે તો આ કલાકો વધે છે. દાખલા તરીકે, ૧૫-૨૪ વર્ષની વયની ભારતીય મહિલા આઈટી/મીડિયા વર્કર્સ દર અઠવાડિયે ૫૭ કલાક કામ કરે છે. ૧૫-૨૪ વર્ષની વયના વ્યાવસાયિક, વૈજ્ઞાનિક અને તકનીકી ક્ષેત્રોમાં ભારતીય મહિલાઓ ૫૫ કલાક કામ કરે છે, જે તમામ વય જૂથોમાં સૌથી વધુ છે. માહિતી અને સંદેશા વ્યવહારની નોકરીઓમાં અને વ્યાવસાયિક, વૈજ્ઞાનિક અને તકનીકી નોકરીઓમાં ભારતીય મહિલાઓ દર અઠવાડિયે અનુક્રમે ૫૬.૫ કલાક અને ૫૩.૨ કલાક કામ કરે છે. આઈટી અને મીડિયામાં ભારતીય મહિલાઓ દ્વારા કરવામાં આવત ૫૬.૫ કલાકનું કામ વિશ્વમાં સૌથી વધુ છે. દાખલા તરીકે, જર્મનીમાં IT અને મીડિયામાં મહિલાઓ ૩૨ કલાક અને રશિયામાં ૪૦ કલાક કામ કરે છે. વૈશ્વિક સ્તરે આવી નોકરીઓમાં માત્ર ભારતીય મહિલાઓ સૌથી વધુ કલાકો કામ કરે છે એટલું જ નહીં, પરંતુ તેઓ પુરૂષોના વર્ચસ્વવાળી ઓફિસોમાં પણ કામ કરે છે. વ્યાવસાયિક વૈજ્ઞાનિક અને તકનીકી નોકરીઓમાં માત્ર ૮.૫% ભારતીય કર્મચારીઓ મહિલાઓ છે, અને માહિતી અને સંદેશા વ્યવહારની નોકરીઓમાં માત્ર ૨૦% ભારતીય કર્મચારીઓ મહિલાઓ છે. વ્યાવસાયિક વૈજ્ઞાનિક અને તકનીકી નોકરીઓમાં ભારતીય મહિલાઓનો હિસ્સો ૮.૫% છે અને તે ૧૪૫ દેશોની યાદીમાં નીચેથી ૧૫મું સ્થાન છે.

# ભારતના કોઈપણ ભાગને ‘પાકિસ્તાન’ ન કહી શકાય : કર્ણાટક હાઈકોર્ટના ન્યાયાધીશ દ્વારા કરવામાં આવેલી વાંધાજનક ટિપ્પણી ઉપર સુપ્રીમ કોર્ટની ફટકાર

**CJI ચંદ્રચુડની પાંચ જજોની બેન્ચે નોંધ્યું હતું કે કર્ણાટક હાઈકોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ વેદવ્યાસચાર શ્રીશાનંદ, જેમણે આ ટિપ્પણી કરી હતી તેમણે ૨૧ સપ્ટેમ્બરે ખુલ્લી અદાલતમાં તેમની આ ટિપ્પણી માટે માફી પણ માંગી હતી**



નવી દિલ્હી તા.૨૮

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં કોર્ટની કાર્યવાહી દરમ્યાન કર્ણાટક હાઈકોર્ટના ન્યાયાધીશ દ્વારા કરવામાં આવેલી કથિત વાંધાજનક ટિપ્પણીઓને લઈને શરૂ કરવામાં આવેલી સુઓમોટો કાર્યવાહી બંધ કરી દીધી હતી. મુખ્ય ન્યાયાધીશ ડી વાય ચંદ્રચુડની આગેવાની હેઠળની પાંચ જજોની બેન્ચે નોંધ્યું હતું કે કર્ણાટક હાઈકોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ વેદવ્યાસચાર શ્રીશાનંદ, જેમણે આ નિવેદનો કર્યા હતા, તેમણે ૨૧ સપ્ટેમ્બરે ત્યાંની ખુલ્લી અદાલતમાં તેમની ટિપ્પણી માટે માફી માંગી હતી. CJIએ કહ્યું કે, અમે ભારતના ક્ષેત્રના કોઈપણ ભાગને પાકિસ્તાન કહી શકીએ નહીં. ન્યાયાધીશ સંજીવ ખન્ના, બીઆર ગવઈ, સૂર્યકાંત અને ઋષિકેશ રોયની બેંચે અવલોકન કર્યું હતું કે અદાલતોએ ન્યાયિક કાર્યવાહી દરમ્યાન એવી ટિપ્પણીઓ ન કરવી જોઈએ કે જે ખોટી રીતે અથવા કોઈપણ વર્ગ માટે પ્રતિકૂળ છે. જજોના આકસ્મિક અવલોકનો ચોક્કસ અંશે વ્યક્તિગત પૂર્વગ્રહને પ્રતિબિંબિત કરી શકે છે, ખાસ કરીને જ્યારે તે ચોક્કસ લિંગ અથવા સમુદાય તરફ નિર્દેશિત હોવાનું માનવામાં આવે છે. સર્વોચ્ચ અદાલતે ૨૦ સપ્ટેમ્બરે એક કેસમાં કોર્ટની કાર્યવાહી દરમ્યાન એક મહિલા વકીલ વિરૂધ્ધ હાઈકોર્ટના જજની કથિત વાંધાજનક ટિપ્પણી અને બેંગલુરુમાં મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તારને ‘‘પાકિસ્તાન’’ તરીકે સંદર્ભિત કરવા અંગે સુઓમોટો સંજ્ઞાન લીધું હતું. સોશિયલમીડિયા પર વાયરલ થયેલી વીડિયો ક્લિપ્સમાં, જસ્ટિસ શ્રીશાનંદ મહિલા વકીલને ઠપકો આપતા જોવા મળ્યા હતા અને જ્યારે તેણીએ ચાલી રહેલી સુનાવણીમાં દરમ્યાનગીરી કરી ત્યારે કેટલીક વાંધાજનક ટિપ્પણીઓ કરી હતી. આ ન્યાયાધીશે, મકાનમાલિક-ભાડૂત વિવાદ સંબંધિત અન્ય કેસમાં, બેંગલુરુમાં મુસ્લિમ પ્રભુત્વ ધરાવતા વિસ્તારને ‘‘પાકિસ્તાન’’ તરીકે ઓળખાવ્યો હતો. સુપ્રીમ કોર્ટે ૨૦ સપ્ટેમ્બરે કહ્યું હતું કે, આ તબક્કે, અમે કર્ણાટકની હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલને વિનંતી કરીએ છીએ કે તે ઉપરોક્ત ઉલ્લેખિત વિષયના સંદર્ભમાં કર્ણાટકની હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશના વહીવટી નિર્દેશોની માંગણી કર્યા પછી આ કોર્ટમાં રિપોર્ટ સબમિટ કરે. ન્યાયાધીશે, મકાનમાલિક-ભાડૂત વિવાદ સંબંધિત એક કેસમાં, બેંગલુરુમાં મુસ્લિમ પ્રભુત્વ ધરાવતા વિસ્તારને ‘પાકિસ્તાન’ તરીકે ઓળખાવ્યો હતો.

# ખેડૂત કાયદા અંગેના વિધાનોથી ભાજપ નારાજ થતા કંગનાએ દિલગીરી દર્શાવી : ‘મારા શબ્દો પાછા લઉં છું’

**અભિનેત્રીમાંથી રાજકારણી બનેલી કંગના રણૌતને રદ કરાયેલા કૃષિ કાયદાઓને પુનઃસ્થાપિત કરવાની હિમાયત કરતી તેની ટિપ્પણી માટે આકરી પ્રતિક્રિયાનો સામનો કરવો પડ્યો હતો, જેનાથી ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા જયવીર શેરગીલે કહ્યું કે કંગના રણૌતના નિવેદનો પાયાવિહીન, અતાર્કિક તેમજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સારી કામગીરીને નુકસાન કરતાં વિધાનો છે**

નવી દિલ્હી, તા.૨૮

અભિનેતામાંથી રાજકારણી બનેલી કંગના રનૌત હવે નાબૂદ કરાયેલા ફાર્મ કાયદાઓ ઉપરની તેની ટિપ્પણી માટે ફરીથી ચર્ચામાં છે અને તેના પોતાના પક્ષે તેના નિવેદનથી છેડો ફાડ્યો છે. મંડીના સાંસદે, લોકસભાની બહાર પત્રકારો સાથે વાત કરતી વખતે, ફાર્મ બિલને સમર્થન આપ્યું હતું અને ખેડૂતોને વિનંતી કરી હતી કે તેઓ તેને પાછા ખેંચવાની માંગ કરે. રણૌતે તેની ટિપ્પણી ઉપર ઝડપથી દિલગીરી વ્યક્તકરી હતી જ્યારે પાર્ટીએ તેના નિવેદનથી છેડો ફાડી તેને "વ્યક્તિગત મંતવ્યો" ગણાવ્યા હતા. કંગના રણૌતે કહ્યું,"હું જાણું છું કે આ વિવાદાસ્પદ હશે પરંતુ મને લાગે છે કે જે કૃષિ કાયદાઓ રદ કરવામાં આવ્યા હતા તે પાછા લાવવા જોઈએ. ખેડૂતોએ પોતે જ તેની માંગ કરવી જોઈએ. તેઓ દેશના વિકાસ માટે શક્તિનો આધારસ્તંભ છે અને હું તેમને અપીલ કરવા માંગુ છું તમારા પોતાના ભલા માટે કાયદાની માંગ ફરીથી કરો." જોકે, ભાજપે રનૌતના નિવેદનથી ઝડપથી છેડો ફાડી અને તેને તેમના અંગત મંતવ્યો ગણાવ્યા. ભાજપના પ્રવક્તા ગૌરવ ભાટિયાએ જણાવ્યું હતું કે આ તેમના "વ્યક્તિગત મંતવ્યો" છે જેને આ બાબતે પક્ષના વલણ તરીકે સમજવામાં ન આવે. ભાટિયાએ કહ્યું, "કંગના રનૌતને બીજેપી વતી આ પ્રકારનું નિવેદન આપવા માટે અધિકૃત નથી અને તે ફાર્મ બિલ ઉપર બીજેપીના દૃષ્ટિકોણને દર્શાવતી નથી."

રણૌતે X ઉપરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "ખેતીના કાયદા અંગેના મારા મંતવ્યો વ્યક્તિગત છે અને તે તે બિલો ઉપર પક્ષના વલણનું પ્રતિનિધિત્વ કરતા નથી." મંડીના સાંસદે વધુમાં જણાવ્યું હતું કે ખેતીના કાયદાઓ ઉપરની તેમની ટિપ્પણી ઉપર વિવાદ વચ્ચે તેણે પોતાના શબ્દો પાછા લીધા છે. આ ઘટના ઉપર એક વીડિયો સંદેશ જાહેર કરતાં તેણે કહ્યું, "મારે ધ્યાનમાં રાખવું પડશે કે હું માત્ર એક કલાકાર નથી પણ ભાજપની કાર્યકર પણ છું. મારા મંતવ્યો અંગત ન હોવા જોઈએ અને પાર્ટીનું સ્ટેન્ડ હોવું જોઈએ. જો મારી ટિપ્પણીઓએ કોઈને દુ:ખ થયું હોય તો હું મારા શબ્દો પાછા ખેંચું છું અને માફી માંગુ છું." કંગના રણૌત જેની તાજેતરની ફિલ્મ ઈમરજન્સી હાલમાં સેન્સર પ્રમાણપત્રની માંગ કરી રહી છે, તે ખેડૂતોના વિરોધ અંગે અગાઉની ટિપ્પણીઓ ઉપર ભાજપ તરફથી ઠપકોનો સામનો કરી ચૂકી છે. ગયા મહિને, તેણે સૂચવ્યું હતું કે જો કેન્દ્ર નિર્ણાયક રીતે હસ્તક્ષેપ ન કરે તો તે વિરોધ દરમ્યાન ભારતમાં "બાંગ્લાદેશ જેવી પરિસ્થિતિ" ઊભી થઈ શકે.



દેખાવો ઉગ્ર બની રહ્યા હતા ત્યારે ૨૦૨૦માં તેણે કથિત રીતે પંજાબની એક મહિલા ખેડૂતની ખોટી ઓળખ કરી, ભૂલથી તેને બિલકીસ બાનો તરીકે ઓળખાવી. આ વર્ષે જૂનમાં એક મહિલા CISF અધિકારીએ કંગનાનો સામનો કર્યા પછી આ ઘટના ફરી સામે આવી. કોંગ્રેસ, AAP દ્વારા કંગનાની ઝાટકણી કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી (AAP) એ કંગના રનૌતની ટીકા કરી, ભારપૂર્વક કહ્યું કે "આ કાળા કાયદા ક્યારેય પાછા લાવવામાં આવશે નહીં. ભલે મોદી અને તેમના સાંસદો ગમે તેટલા પ્રયત્નો કરે."

પાર્ટીના પ્રવક્તા સુપ્રિયા શ્રીનાથે જણાવ્યું હતું કે,"૭૫૦થી વધુ ખેડૂતો શહીદ થયા હતા. ત્યારે જ મોદી સરકાર જાગી હતી અને આ કાળા કાયદાઓ પાછા ખેંચી લેવામાં આવ્યા હતા. હવે ભાજપના સાંસદો તેમને પાછા લાવવાની યોજના બનાવી રહ્યા છે. પરંતુ કોંગ્રેસ ખેડૂતોની સાથે છે." AAPના બલબીર સિંહે પણ અભિનેત્રી ઉપર કટાક્ષ કર્યો હતો. શ્રી સિંહે જ્યારે શ્રીમતી રાણાવતની ટિપ્પણીઓ વિશે પૂછવામાં આવ્યું ત્યારે પત્રકારોને કહ્યું કે, "જરા તેને પૂછો કે ત્રણ ફાર્મ કાયદા શું છે. હું તમને ખાતરી આપી શકું છું કે તે જવાબ આપી શકશે નહીં. તે જે કરી રહી છે તે કોમેડી છે. કૃપા કરીને તેને ગંભીરતાથી ન લો,"

AAP સાંસદ માલવિન્દર સિંહ કાંગે પત્રકારોને સંબોધતા જણાવ્યું હતું કે કૃષિ કાયદાને પુર્નઃ સ્થાપિત કરવાની ચર્ચા કરવી એ "લાખો ખેડૂતો અને ૭૫૦ ખેડૂતોનું અપમાન છે જેમણે આ હેતુ માટે પોતાનો જીવ આપ્યો." તેમણે વડા પ્રધાન મોદીને વિનંતી કરી કે તેઓ જવાબ આપે અને જો તેઓ ખેડૂતોને "ખરેખર" સમર્થન આપતા હોય તો કંગના રનૌત સામે તાત્કાલિક પગલાં લે.

# RSSના નવા હેડક્વાર્ટર ૧૨ માળના ટાવરને આખરે દિલ્હી અર્બન આર્ટ્સ પેનલની મંજૂરી

નવી દિલ્હી તા.૨૮

દિલ્હી શહેરી કલા આયોગે મધ્ય દિલ્હીના ઝંડેવાલન વિસ્તારમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના નવા કાર્યાલયના નિર્માણને પૂર્ણ કરવાની મંજૂરી આપી છે. હવે તેના ઉદ્‌ઘાટનનો રસ્તો સાફ થઈ ગયો છે. ૧ ઓગસ્ટના રોજ મળેલી બેઠકમાં પંચે દસ્તાવેજોના અભાવને ટાંકીને NOC અરજી ફગાવી દીધી હતી. સત્તાવાર દસ્તાવેજ અનુસાર, DUACએ ૨૯ ઓગસ્ટે મળેલી બેઠકમાં RSSના નવા કાર્યાલયને પ્રમાણપત્ર આપવાનો નિર્ણય લીધો હતો. કેશવ કુંજમાં RSS કાર્યાલય માટે ૧૨ માળના બે ટાવરને NOC આપવામાં આવી છે. આ ઈમારતોમાં મીટિંગ રૂમ, કોન્ફરન્સ હોલ અને લાઈબ્રેરી જેવી સુવિધાઓ ઉપલબ્ધ હશે. ઉલ્લેખનીય છે કે આરએસએસ આવતા વર્ષે તેની સ્થાપનાના ૧૦૦ વર્ષ પૂર્ણ કરવા જઈ રહ્યું છે. ૨૯ ઓગસ્ટની બેઠકમાં કહેવામાં આવ્યું હતું કે, ‘બિલ્ડીંગને પૂર્ણ કરવા માટે ઓનલાઈન મળેલી એનઓસી માટેની દરખાસ્તની સાથે દસ્તાવેજો, ડ્રોઈંગ્સ, ફોટોગ્રાફ્સ વગેરેની તપાસ કરવામાં આવી હતી. ‘કોમ્પ્લેક્ષના ડ્રોઈંગ અને ફોટોગ્રાફ્સ સહિતના દસ્તાવેજોના આધારે બિલ્ડિંગને પૂર્ણ કરવા માટે એનઓસીની દરખાસ્ત સ્વીકારવામાં આવી છે.’ ઉલ્લેખનીય છે કે DUACએ ૧૫ જુલાઈ, ૨૦૧૫ના રોજ બિલ્ડિંગ પ્લાન પ્રસ્તાવને મંજૂરી આપી હતી અને ૧૧ જુલાઈ, ૨૦૧૮ના રોજ તેની મીટિંગમાં સુધારેલા લેઆઉટ અને બિલ્ડિંગ પ્લાન પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી.

# સગીરોના નામે મિલકત : હવે ધનિક ભારતીયો બાળકોના નામે વિદેશમાં સંપત્તિ ખરીદી રહ્યા છે

(એજન્સી) તા.૨૮

ભારતીયો સતત વિદેશમાં પ્રોપર્ટી ખરીદી રહ્યા છે. ઘણા અહેવાલોમાં સામે આવ્યું છે કે સંપત્તિના મામલામાં વિશ્વના ઘણા શહેરો ભારતીયો માટે હોટ ડેસ્ટિનેશન બની ગયા છે. આમાં કેલિફોર્નિયા, દુબઈ, લંડન વગેરે અગ્રણી છે. મોટાભાગની પ્રોપર્ટી યુએઈમાં ભારતીયો દ્વારા ખરીદવામાં આવી રહી છે. હવે વધુ એક વાત સામે આવી છે. ઘણા ભારતીયો તેમના સગીર બાળકોના નામે વિદેશમાં પ્રોપર્ટી ખરીદી રહ્યા છે. રિઝર્વ બેંકની લિબરલાઈઝ્ડ રેમિટન્સ સ્કીમ (LRS) હેઠળ સગીરો વિદેશમાં નાણાં મોકલી રહ્યાં છે. અહેવાલ મુજબ, LRS ધોરણો હેઠળ, કોઈ પણ વ્યક્તિ મિલકત ખરીદવા અથવા અન્ય કોઈ હેતુ માટે પ્રતિ વર્ષ ૨.૫૦ લાખ ડોલરથી વધુ વિદેશ મોકલી શકતો નથી. ૨૪ ઓગસ્ટ, ૨૦૨૨થી અમલમાં આવેલા સુધારા અનુસાર, જો તે ૧૮૦ દિવસની અંદર તે રકમનું રોકાણ નહીં કરે તો તે રકમ ભારત પરત મોકલવી પડશે. વિદેશી રોકાણો ઉપર વધતી જતી ચકાસણી અને બ્લેક મની એક્ટ હેઠળ બિન-જાહેરાત માટેના કડક નિયમોને જોતાં, ઉચ્ચ નેટવર્થ વ્યક્તિઓ (HNIs) નિષ્ણાતની સલાહ માંગી રહ્યા છે. અગાઉ નિયમ એવો હતો કે વિદેશમાં મોકલવામાં આવેલ નાણાં વિદેશી ખાતામાં જમા કરાવી શકાતા હતા. જ્યારે વધુ પૈસા જમા થાય છે, ત્યારે તેનો ઉપયોગ દુબઈ અથવા અન્ય દેશોમાં મિલકત ખરીદવા માટે થઈ શકે છે. જમા રકમ માટે કોઈ સમય મર્યાદા ન હતી. પરંતુ હવે ૧૮૦ દિવસની મર્યાદાને કારણે લાંબા સમય સુધી વિદેશ મોકલવામાં આવતા નાણાં રોકવા મુશ્કેલ બની ગયા છે. આવી સ્થિતિમાં હવે લોકો વિદેશમાં મોકલવામાં આવેલા આ પૈસાનો ઉપયોગ સગીરોના નામે પ્રોપર્ટી ખરીદવા માટે કરી રહ્યા છે. CNK એન્ડ એસોસિએટ્સના ટેક્સ પાર્ટનર ગૌતમ નાયકના જણાવ્યા અનુસાર, ભારતમાં માતા-પિતા તરફથી મળેલી ભેટનો ઉપયોગ કરીને LRS હેઠળ સગીર વતી વિદેશમાં નાણાં મોકલી શકાય છે. વધુમાં, ભારતમાં માતા-પિતા દ્વારા બાળકોને આપવામાં આવતી ભેટો પર કોઈ ટેક્સ નથી. અનિલ હરીશ, એડવોકેટ અને પાર્ટનર, ડીએમ હરીશ એન્ડ કંપની સમજાવે છે કે જો કોઈ દંપતી અને તેમના બે સગીર બાળકો દુબઈમાં મિલકત ખરીદવા માટે પૈસા મોકલે છે, તો મિલકત સગીર સહિત ચારેયના નામે હોવી જોઈએ. દુબઈના રિયલ એસ્ટેટ નિષ્ણાતો કહે છે કે સગીર માતા-પિતા અથવા ટ્રસ્ટી દ્વારા મિલકતના માલિક બની શકે છે. જો કે, આવકવેરા રિટર્ન (ITR)માં આ મિલકત જાહેર કરવી જરૂરી છે. આમ કરવામાં નિષ્ફળતા પર બ્લેક મની એક્ટ હેઠળ ૧૦ લાખ રૂપિયાનો દંડ થઈ શકે છે. વિદેશમાં સગીરની માલિકીની મિલકત અને તેના ઉપર ટેક્ષ વસૂલવામાં આવતો હોવાના મામલામાં ઘણી જટિલતાઓ છે. રૂત્વિક સંઘવી, પાર્ટનર, રશ્મિન સંઘવી એન્ડ એસોસિએટ્સ જો કોઈ વ્યક્તિ વિદેશી મિલકતમાંથી આવક મેળવતી હોય (ભાડાની આવક કહો), તો તે આવક માતા-પિતા સાથે જોડવામાં આવે છે. વિદેશી સંપત્તિના ‘લાભાર્થી’, જ્યાં આવક અન્ય વ્યક્તિ સાથે જોડવામાં આવે છે, તેણે ITR ફાઈલ કરવાની જરૂર નથી. કલમ ૧૩૯(૧)ની પાંચમી જોગવાઈમાં આનો ઉલ્લેખ છે.

‘ચપટી ભભુત મેં હૈ.. ખજાના કુબેર કા...’

# સોમનાથ દાદા મંદિર પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન આસ્થાળુઓએ કરી હતી ભક્તિ વર્ષા

## ૧૦.૬૫ લાખ ભક્તોએ પ્રત્યક્ષ દર્શન કર્યા, ૬૮૦૦૦ કિલોનો પ્રસાદ માત્ર એકજ માસમાં ભાવિકોએ લીધો



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૨૮

વિશ્વ પ્રસિધ્ધ બાર જયોર્તિલીંગના પ્રથમ સમોનાથ મહાદેવ મંદિરે ચાલુ વર્ષના પવિત્ર શ્રાવણ માસની બહાર આવેલી વિગત મુજબ ધ્વજાપૂજા (રૂ.૧૧૦૦) ૨૦૨૩ માં ૫૪૯ની સામે ૨૦૨૪ માં ૬૫૪ (વૃધ્ધી ૧૯.૧૩ ટકા) નોંધાઈ હતી અને સોમવતી અમાસના દિવસે માત્ર ૧૦ કલાકમાં ૭૮ ધ્વજા ચઢાવવામાં આવી હતી જે મંદિરના ૭૩ વર્ષના ઈતિહાસમાં સર્વાધિક છે. સોમેશ્વર મહાપૂજા (રૂ.૫૧૦૦) ૨૦૨૩ માં ૭૫૨ ની સામે ૨૦૨૪માં ૯૩૯ (વૃધ્ધી ૨૪.૮૭ ટકા) નોંધાઈ હતી. રૂદ્રાભિષેક પાઠ (રૂ.૨૦૦) ૨૦૨૩ માં ૮૫૦૦ની સામે ૨૦૨૪ માં ૯૪૬૩ (વૃધ્ધી ૧૧.૩૨ ટકા) નોંધાઈ છે. પાઘપૂજા ૩૦, સવાલક્ષ બિલ્વપૂજા ૮૩ અને ૧૪૯૬૩ પવિત્ર પરિવારોએ મહામૃત્યુંજય યજ્ઞમાં ભાગ લીધો હતો. અને સોમનાથ મહાદેવને ૩.૧૦ લાખથી વધુની યજ્ઞ આહુતિ અપાઈ હતી.

શ્રાવણ માસમાં કુલ ૬૮૦૦૦ કિલોના રૂ.૪.૨૯ કરોડનો પ્રસાદ વેંચાયો છે. જે ગત વર્ષના શ્રાવણ માસના ૩.૮૧ કરોડની સામે ૧૨.૬ ટકાનો વધારો નોંધાયેલ છે. ભકતો દ્વારા પૂજાવિધી ડોનેશન સ્વરૂપ કેસ-ઈ-પેમેન્ટ કાર્ડ સ્વાઈપ દ્વારા રૂ.૨.૬૮ કરોડની રકમ પ્રાપ્ત થઈ છે. ધાર્મિક ચિન્હ સાથેના રૂ.૨૨ લાખની કિંમતના ચાંદીના સિકકા યાત્રિકોએ સ્મૃતિચિન્હ તરીકે ખરીદ્યા હતા. મંદિરની પ્રસાદ પૂજાવિધી ડોનેશન, ચાંદીના સિકકા સહિતની કુલ આવક ૬.૯૭ કરોડ જેટલી થઈ છે. જે ગત વર્ષની સરખામણીએ ૬.૯૦ ટકા વધારે છે.

સોમનાથ ટ્રસ્ટ નિઃશુલ્ક ભોજનાલયમાં ૧.૧૮ લાખથી વધુ ભકતોએ ભોજનપ્રસાદ ગ્રહણ કર્યો હતો. વિવિધ સોશ્યલ મિડીયા પ્લેટફોર્મ ઉપર ૪૫ દેશોમાં વસ્તા ૮.૫૧ કરોડથી વધુ ભકતોએ સોમનાથ મહાદેવના નિત્યદર્શન, પૂજા, આરતીનું જીવંત પ્રસારણનો લાભ લીધો હતો.

# સોમનાથ તીર્થ ખાતે ટુરીઝમ વિભાગના સહયોગથી પુનઃનિર્મીત યાત્રી સુવિધા કેન્દ્ર કાર્યરત થયું






(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૨૮

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરે પ્રતિ વર્ષ ૧ કરોડથી વધુ યાત્રિકો, પર્યટકો, ભાવિકો આવતા રહે છે. ગત વર્ષે ૯૭.૯૩ લાખ યાત્રિકોએ સોમનાથ મહાદેવ દર્શન -યાત્રા કરી હતી. સોમનાથ ટ્રસ્ટ - ટુરીઝમ વિભાગના સહયોગથી ટ્રસ્ટ અતિથીગૃહો બુકીંગ ઓફીસને અદ્યતન સુવિધાઓ અને આકર્ષણો સાથે સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વરદ્હસ્તે વર્ચ્યુઅલ લોકાર્પણ થયેલ યાત્રી સુવિધા કેન્દ્ર ગઈકાલ શુક્રવારથી કાર્યરત થયું છે. જેના વિશાળ ભવનમાં યાત્રિકો પ્રતિક્ષા કરી શકે તે માટે અદ્યતન ચેર, બેઠકો, સંપુર્ણ એ.સી. સાથે યાત્રી માહિતી વિભાગ તથા મંદિર સાહિત્ય, પ્રસાદી લઈ શકે તેવી જોગવાઈ તેમજ ૩૪ સીટનું મીની થિયેટર આ ભવનમાં કાર્યરત છે જેમાં આવાસ પ્રતિક્ષા કરતા યાત્રિકો સોમનાથ મંદિરની ડોકયુમેન્ટરી, ઈતિહાસ ફિલ્મ પણ નિહાળી શકે તેવી જોગવાઈ છે. સાથો સાથ પ્રતિક્ષા બેઠક વિભાગને સીસીટીવી સલામતીથી સજજ કરાયો છે અને પ્રવેશાલય પટાંગણમાં ગ્રીનરી બિછાવી મનમોહક આકર્ષણ રૂપ અપાયું છે. આ પ્રતિક્ષાલયમાં સોમનાથ ટ્રસ્ટના લીલાવંતી અને માહાશ્વેરી અતિથીગૃહોનું બુકીંગ કરાશે.

# કોડીનાર તાલુકાના ડોળાસા ગામની ગોંદરાપરા પ્રાથમિક શાળામાં તાલુકા કક્ષાનો બાળ વિજ્ઞાન ગણિત પ્રદર્શની યોજાઈ

(નિરવ ગઢીયા દ્વારા)

ડોળાસા તા.૨૮

કોડીનાર તાલુકાના ડોળાસા ગામે ગોંદરાપરા પ્રાથમિક શાળા સંકુલમાં તાલુકા કક્ષાનો બાળ વિજ્ઞાન ગણિત મેળો ભારે ઉતસાહ અને ઉમંગ સાથે ઉજવાઈ ગયો હતો. જેમાં તાલુકા ભરની પ્રાથમિક શાળાઓના બાળકો વિજ્ઞાન ગણિત પ્રદર્શનીને નિહાળવા ઉમટી પડ્યા હતા.

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ પ્રેરિત, ગીર સોમનાથ જિલ્લા શિક્ષણ તાલીમ ભવનના માર્ગદર્શન હેઠળ બી.આર.સી. ભવન કોડીનાર યોજિત ગણિત વિજ્ઞાન પ્રદર્શન કોડીનાર તાલુકાના ડોળાસા ગામે ગોંદરાપરા પ્રાથમિક શાળાના સંકુલ ખાતે યોજાયો હતો.

કાર્યક્રમના પ્રારંભે યોજાયેલા ઉદઘાટન સમારોહમાં કોડીનાર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શિવાભાઈ સોલંકી, કોડીનાર તાલુકાના પંચાયતના પ્રમુખ જીતુભાઈ પરમાર અને તાલુકા પંચાયતના સદસ્યો, અતિથિ વિશેષ ગીર સોમનાથ પ્રાથમિક શિક્ષણાધિકારી એ.કે.પટેલ , જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન પ્રકાશભાઈ ટાંક, બી.આર. સી. કોર્ડીનેટર વી.પી.જાદવ, યજમાન શાળાના ઉત્સાહી આચાર્ય નારણભાઈ બારડ તથા સ્થાનિક શાળાનો સ્ટાફ ડોળાસા ગામના સરપંચ ગોવિંદભાઈ કાતિરા સહિત ગામના અનેક અગ્રણીઓ તથા તમામ પદાધિકારીઓ, અધિકારીઓની બહોળી ઉપસ્થિતિમાં બે દિવસીય વિજ્ઞાન ગણિત ઊઊઊઊઊલ્લું મુકવામાં આવ્યું હતું.

તાલુકા કક્ષાના વિજ્ઞાન ગણિત પ્રદર્શનના તાલુકા ભરમાંથી ૪૫ કૃતિઓ બાળકો દ્વારા રજૂ કરવામાં આવી હતી અને મોટી સંખ્યામાં બાળકો અને શિક્ષક ભાઈ બહેનો અને બાળકોના વાલીઓએ આ



પ્રદર્શની નિહાળી હતી. વિવિધ વિભાગમાં જે કૃતિ તાલુકા કક્ષાએ પ્રથમ વિજેતા થશે જે કૃતિ જિલ્લા કક્ષાએ કોડીનાર તાલુકાનું પ્રતિનિધિત્વ કરશે.

આ ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લેનાર તમામ બાળકોને સમસ્ત દાતાઓ તરફથી શાળા કીટ આપવામાં આવી હતી. તો આ પ્રદર્શનીમાં ઉપસ્થિત રહેનાર તમામ લોકોને રાજમોતી ગ્રુપ કોડીનાર તરફથી લંચનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રદર્શનીના બીજા દિવસે તાલુકાની તમામ શાળાઓના બાળકોએ ઉપસ્થિત રહી ધ્યાન પૂર્વક આ કૃતિઓ નીહાળી હતી. ડોળાસા ગામની ગોંદરાપરા પ્રાથમિક શાળા જિલ્લાનું શ્રેષ્ઠ શાળાઓ પૈકીની એક શાળા તેમાંય તાલુકા કક્ષાના ગણિત વિજ્ઞાન પ્રદર્શન આ શાળામાં યોજાય તે શાળા અને સમસ્ત ડોળાસા ગામ માટે ગૌરવની વાત છે. આ કાર્યક્રમને સફળ બનાવવા સ્થાનિક શાળા કક્ષાએથી માંડી તાલુકા અને જિલ્લાના તમામ આયોજકોનું પૂરૂં યોગદાન મળેલ હતું.

# માણાવદર કોલેજમાં ફરજ બજાવતા પ્રોફેસરના ખોવાયેલા દાગીના અને પર્સ પરત મળ્યા

## માણાવદરના એક ખેડૂત પરિવારને પર્સ મળતા મૂળ માલિકને પરત કર્યું



માણાવદર તા. ૨૮

માણાવદર કોલેજમાં ફરજ બજાવતા પ્રોફેસરનું રોકડ રકમ, સોનાના દાગીના અને મોબાઈલ સાથે પર્સ પડી જતા માણાવદરમાં જ રહેતા ખેડૂત પરિવારને મળતા તેઓએ મૂળ માલિકને પરત આપતા પ્રામાણિક તો ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડ્યું હતું.

વાત એમ છે કે નરેડી - માણાવદર હાઈવે વચ્ચે કોલેજમાં ફરજ બજાવતા પ્રોફેસર રમેશભાઈ વાળા તથા તેમના પત્ની જૂનાગઢ તરફથી આવતા હતા તેને રાખેલ પર્સમાં સોનાના દાગીના, રોકડ રકમ અને મોબાઈલનું પર્સ પડી ગયું હતું. ત્યારબાદ પ્રોફેસરે શોધખોળ કરી હતી. અને તેમાં રાખેલા મોબાઈલમાં પણ સતત રિંગ કરી હતી પરંતુ છતાં પણ આ પર્સનો પતો લાગેલો ન હતો. ત્યારબાદ માણાવદરના માસ્ટર સોસાયટીમાં રહેતા ખેડૂત પરિવારને આ પર્સ હાઈવે તરફથી મળતા તેઓએ તેમાં રાખેલો મોબાઈલ ડેમેજ હોવાથી તેમાંથી સીમકાર્ડ કાઢીને અન્ય મોબાઈલમાં સીમકાર્ડ નાખીને તેઓએ મૂળ માલિકને શોધીને રોકડ રકમ, મોબાઈલ અને દાગીના ભરેલું પર્સ પરત આપ્યું હતું.

સોસાયટીમાં રહેતા ખેડૂત પરિવારને આ પર્સ એ હાઈવે તરફથી મળતા તેઓએ તેમાં રાખેલો મોબાઈલ ડેમેજ હોવાથી તેમાંથી સીમકાર્ડ કાઢીને અન્ય મોબાઈલમાં સીમકાર્ડ નાખીને તેઓએ મૂળ માલિકને શોધીને રોકડ રકમ, મોબાઈલ અને દાગીના ભરેલુ પર્સ પરત આપ્યું હતું.

આ તકે પ્રોફેસર વાળાએ જણાવ્યું હતું કે આ સમયમાં પાંચ તોલાથી વધુ દાગીના અને રોકડ રકમ આ પરિવારને મળેલ હતી. પરંતુ તેઓનું મન વિચલિત થયા વગર અમોને તમામ વસ્તુઓ સલામત રીતે આપી હતી ત્યારે ખરેખર આ પરિવારે પ્રમાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડેલ હતું. ઉલ્લેખનીય છે કે આ ખેડૂત પરિવાર પોતે પણ સ્વાધ્યાય પરિવારમાં જોડાયેલ હોવાથી પોતાનું મન વિચલિત થયા વગર જે માલિકની વસ્તુઓ છે તેને પરત આપવું જોઈએ તેવો તેમનો ભાવ હતો.

આખરે ખંભાળિયા નગરપાલિકાની જનરલ બોર્ડ મુકરર..

# મંગળવારે ખંભાળિયા નગરપાલિકાની સામાન્ય સભા યોજાશે, ૩૯ જેટલા ઠરાવો એજન્ડામાં લેવાયા

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૮

ખંભાળિયા નગરપાલિકાની સામાન્ય સભા કે જે કોઈ કારણોસર છેલ્લા સાતેક માસથી યોજાઈ ન હતી, તે હવે આગામી તારીખ ૧ ઓક્ટોબરના રોજ મુકરર કરાઈ છે. આ જનરલ બોર્ડના એજન્ડામાં ખરીદી, વિવિધ કામો સહિતના ૩૯ જેટલા ઠરાવો લેવામાં આવ્યા છે.

ખંભાળિયા નગરપાલિકાની એજન્ડા નંબર ૧૫ મુજબની જનરલ બોર્ડ આગામી મંગળવાર તા. ૧ ના રોજ સાંજે સાડા ચાર વાગ્યે નગરપાલિકાના સભાગૃહ ખાતે પાલિકા પ્રમુખ રચનાબેન મોટાણીના અધ્યક્ષ સ્થાને યોજાનાર છે. આ બેઠકના મુખ્ય એજન્ડામાં અગાઉના બજેટને બહાલી, નગરપાલિકાને બાકી વીજ બિલ માટેની લોન અંગે મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડને દરખાસ્ત કરવા, તાજેતરના ભારે પુરના કારણે પાણી પુરવઠાની લાઈનો તેમજ મશીનરીને થયેલી નુકશાની અંગેની કામગીરી કરવા, ખંભાળિયા નગરપાલિકાને સરકાર દ્વારા ખાસ કિસ્સાઓમાં ફાળવવામાં આવેલી ગ્રાન્ટ બાબત, ડોર ટુ ડોર કચરા કલેકશન કાર્યવાહીને બહાલી તેમજ આ અંગેનું નવું ટેન્ડર કરવા, રખડતા ઢોર માટે એનિમલ હોસ્ટેલ બનાવવા માટેની જગ્યા ફાળવવા, મૃત પશુઓના નિકાલ માટેની જગ્યા ફાળવવા માટેની દરખાસ્ત કરવા, સાવરણા અને સાવરણીની ખરીદી તેમજ ડસ્ટબીન વિતરણ કરવા, ભંગાર માલની હરાજી કરવા, ફિલ્ડ વર્કના કર્મચારીઓ માટે સાયકલ ખરીદ કરવા, પબ્લિક ટોયલેટ અને યુરીન બ્લોકની કામગીરી માટે જગ્યા નક્કી કરવા, જુદા જુદા વિસ્તારમાં રંગરોગાન અને ભીંતચિત્રો બનાવવા, અહીંના જામનગર માર્ગ પર રેલવે ઓવર બ્રિજ અંગેની કામગીરી તાકીદે કરવા માટે પત્ર વ્યવહાર કરવા, વરસાદના કારણે ક્ષતિગ્રસ્ત રોડ-રસ્તા રીપેરીંગ કરવા, હેરિટેજ કામોના ફેસ- ૨ ના કામ બાબતે દરખાસ્ત કરવા, કોમ્યુનિટી હોલમાં અદ્યતન ફર્નિચર માઈક અને સાઉન્ડ સિસ્ટમ કરવા, વેલકમ ગેટ ખાતે ઈલેકટ્રીક બોર્ડ લગાડવા, સોલાર પ્રોજેક્ટ માટે દરખાસ્ત કરવા, ઘી નદી રિવરફ્રન્ટની મળેલી સૈદ્ધાંતિક મંજૂરી અંગેની કામગીરી કરવા તેમજ નવરાત્રી મહોત્સવની ઉજવણી કરવા સહિતના મુદ્દાઓ આ એજન્ડામાં લેવામાં આવ્યા છે.

સામાન્ય સભા અંગે ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા, શહેર ભાજપ પ્રમુખ અનિલભાઈ તન્ના સહિતના હોદ્દેદારો સાથે ગુરૂવારે યોજાઈ ગયેલી સંકલનની બેઠક બાદ ભાજપની સ્પષ્ટ બહુમતી સાથેની ભાજપ શાસિત ખંભાળિયા નગરપાલિકાની આ વધુ એક સામાન્ય સભા હવે કોઈપણ વાદવિવાદ કે વિરોધ વગર સંપન્ન થઈ જવાની પૂરી સંભાવનાઓ પણ જોવા મળી રહી છે.

# ખંભાળિયા શહેરમાં કરવેરો વધારવાની વધુ એક દરખાસ્ત રદ: પાલિકા પાસે લાઈટ બિલના પૈસા નથી

## દોઢ દાયકાથી વેરામાં વધારો ન થતા લોન માંગવાની પરિસ્થિતિ!

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૮

છેલ્લા આશરે અઢી દાયકાથી ભાજપ શાસિત ખંભાળિયા નગરપાલિકામાં દોઢેક દાયકાથી કોઈપણ પ્રકારનો વેરા વધારો કરાયો નથી. નગરપાલિકાની સામાન્ય સભામાં દર વર્ષે એકાદ વખત કરવેરો વધારવાની દરખાસ્ત નક્કી કરવામાં આવે છે. પરંતુ કહેવાતા જાગૃત સદસ્યો દ્વારા આ અંગે વિરોધ કરવામાં આવતા કરવેરા વધારવાની દરખાસ્ત લેવામાં આવતી નથી એના કારણે હાલની પરિસ્થિતિમાં નગરપાલિકાને લાઈટ બિલના પૈસા ચૂકવવા માટે ફાઈનાન્સ બોર્ડ પાસેથી લોન લેવી પરિસ્થિતિ પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે.

ખંભાળિયા નગરપાલિકામાં રૂટિન ખર્ચ માટે વોટર વર્કસ, સફાઈ તેમજ દીવાબત્તી વેરા સ્વરૂપે આવક થાય છે. જેમાં વોટર વર્ક્સમાં તો લાખના બાર હજાર જેવી પરિસ્થિતિ પ્રવર્તી રહી છે. શહેરમાં રોજના માત્ર બે રૂપિયાથી પણ ઓછી રકમમાં વાર્ષિક રૂા.૬૦૦ લઈને નગરપાલિકા પાણીનું વિતરણ કરે છે. જેથી નગરપાલિકાને આશરે રૂપિયા ૬૦ લાખ જેટલી આવક સામે દોઢથી બે કરોડ રૂપિયાની જાવક થાય છે. જ્યારે શહેરમાં એક ટેન્કર પાણીનો ભાવ રૂપિયા ૭૦૦ થી ૮૦૦ છે. આ સાથે સફાઈ વેરા સ્વરૂપે એક મિલકત ધારક પાસેથી રૂપિયા ૧૨૫ અને તેટલો જ દીવાબત્તી વેરો મળે છે. શહેરમાં બાંધકામની મંજૂરીની સત્તા નગરપાલિકા પાસે હતી. જેની આવકથી વિકાસ કામો થઈ શકતા હતા. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી આ સત્તા આવે "ખાડા" (ખંભાળિયા વિસ્તાર વિકાસ સત્તા મંડળ) પાસે ચાલી જતા આ આવક પણ બંધ થઈ ગઈ છે. નગરપાલિકાના સ્વભંડોળમાં કોઈ મોટી આવકનો સ્ત્રોત ન હોવાથી હવે નગરપાલિકાને લાઈટ બિલ ભરવાના પણ સાંસા થઈ ગયા છે. જાણવા મળતી વિગત મુજબ હાલ રૂા. ૯૦ લાખનું લાઈટ બિલ બાકી હોય, પાલિકા દ્વારા ફાયનાન્સ બોર્ડ પાસે લોન માંગવામાં આવી છે. પરંતુ વર્ષો જૂનો અને ખૂબ જ ઓછો મનાતો ટેકસ વધારાતો નથી. નગરપાલિકાના મોટાભાગના વેરામાં આશરે ૧૫ વર્ષથી કોઈ વધારો થયો નથી. આ વચ્ચે કર્મચારીઓના વધતા પગાર સહિતના ખર્ચાઓ વચ્ચે જૂના વેરા માળખામાં પણ પૂરી વેરા વસુલાત પણ સમયસર થઈ ન શકતા નગરપાલિકા સમયસર કર્મચારીઓને પગાર પણ ચૂકવી શકતી નથી. ત્યારે હાલ કરવેરા વધારવાના બદલે આગામી દિવસોમાં સારા કામો કર્યા બાદ જ કરવેરામાં વધારો કરાશે તેવું નક્કી કરવામાં આવ્યું છે.

શ્રીજી મહારાજનો ૧૯૪મો શ્રાધ્ધ ઉત્સવ નિમિત્તે

# ઉનાના સ્વામિનારાયણ ગુરૂકુળમાં ૧૧ કુંડી યજ્ઞ અને અન્નકોટ અને મહાપ્રસાદ યોજાયો





(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૨૮

ઊના શહેરમાં આવેલ શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળમાં ઊના ગુરૂકુળના સ્થાપક શાસ્ત્રી સ્વામી માધવદાસજીની હાજરીમાં શ્રીજી મહારાજના ૧૯૪ શ્રાધ્ધના દિવસે સવારે ૧૧ કુંડી હોમાત્મક યજ્ઞમાં શાળામાં અભ્યાસ કરતા ભાઈઓ અને બહેનો દેશ અને વિદેશમાંથી દાતાઓ, મહેમાનો પધારેલ હતા. સંતોએ યજ્ઞ કુંડમાં આહુતિ આપી હતી તેમજ શ્રીજી મહારાજને અન્નકુટ ધરવામાં આવેલ હતો. યજ્ઞની પૂર્ણાહુતિ બાદ ગુરૂકુળમાં અભ્યાસ કરતા ૩૦૦૦થી વધુ ભાઈઓ અને બહેનો, વાલીઓ અને મહેમાનોએ સમૂહમાં મહાપ્રસાદ લીધો હતો. કાર્યક્રમનું સફળ વ્યવસ્થાપન કિશોરભાઈ વડાલીયા, કીડેચાભાઈ, દુધાતભાઈ, ડેનિસભાઈ અને સંસ્થા પરિવારના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

# ખંભાળિયાની બદીયાણી હોસ્પિટલ ખાતે રવિવારે નેત્રયજ્ઞ તથા સર્વરોગ નિદાન કેમ્પ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૮

ખંભાળિયામાં જામનગર માર્ગ ઉપર આવેલી એલ.પી. બદીયાણી હોસ્પિટલ ખાતે આગામી રવિવાર તારીખ ૨૯ મીના રોજ સવારે ૯ થી ૧૧:૩૦ વાગ્યા સુધી વિના મૂલ્યે નેત્ર નિદાન, સારવાર, દવા વિતરણ તેમજ શસ્ત્રક્રિયા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજકોટની જાણીતી શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ ટ્રસ્ટની હોસ્પિટલના નિષ્ણાંત તબીબો તેમજ ટેકનીશીયનો તેઓની સેવા આપશે. આ સાથે યોજાયેલા સર્વરોગ નિદાન કેમ્પમાં ડો. નિલેશભાઈ રાયઠઠ્ઠા દર્દીઓને તપાસી, સારવાર કરશે. આ કેમ્પનો લાભ લેવા ખંભાળિયા તથા આસપાસના વિસ્તારના લોકોને માનવ સેવા સમિતિની એક યાદીમાં જણાવાયું છે.

## શ્રાદ્ધ બાબતે જાણવા જેવું

જે લોકો શ્રાદ્ધ કરવા ઈચ્છતા હોય તેમણે કેટલીક બાબતોની ખાસ સાવધાની રાખવી જોઈએ. જેથી કરીને શ્રાદ્ધનું કાર્ય વધુ સારી રીતે થઈ શકે અને તે કર્મના ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય. પહેલી બાબત તો એ છે કે, શ્રાદ્ધ કર્મ કરતી વખતે સફેદ અથવા પીળા સ્વચ્છ અને પવિત્ર વસ્ત્ર ધારણ કરવાનો નિર્દેશ છે જેમાં ખાસ કરીને ધોતિયું પહેરવું જોઈએ. ઉપરના અંગ ઉપર ધારણ કરવું જોઈએ. ધીરજ ધરી શાંતિ પૂર્વક, એકાગ્ર ચિત્તે, શ્રદ્ધા અને પિતૃ ભક્તિ સાથે કર્મ કરવા જોઈએ. તે સમયે કોઈ પણ જાતની ઉતાવળ કર્યા વિના કે ક્રોધ કર્યા વિના શ્રાદ્ધ કર્મ એક ધ્યાનથી કરવું જોઈએ.

જે વ્યક્તિ પોતાના સ્વજનનું શ્રદ્ધાપૂર્વક, ધીરજ સાથે શ્રાદ્ધ કર્મ પરિપૂર્ણ કરે છે તેમની સર્વ મનોકામના પરિપૂર્ણ થાય છે. તેમજ યશ, કીર્તિ, નિરોગી કાયા અને લાંબુ આયુષ્ય પ્રાપ્ત થાય છે. પરિવારમાં સંપ અને શાંતિનું સર્જાય છે તેમજ પરિવારના સદસ્યોમાં પરસ્પર પ્રીતિ વધે છે. ઘરમાં સ્થિર લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. ગરૂડ પુરાણમાં નિર્દેશ મુજબ ભૌતિક શરીર ૨૭ તત્વોના સંધાનથી બને છે. સ્થૂળ પંચમહાભૂતો અને સ્થૂળ કર્મેન્દ્રિયોને છોડીને જ્યારે જીવ શરીર છોડીને જાય છે ત્યારે ૧૭ તત્વોથી બનેલ સૂક્ષ્મ શરીર વિદ્યામાં રહે છે.

આ સુક્ષ્મ શરીર દ્વારા જીવ પિતૃ લોકમાં જાય છે. મોહ વશ તે શ્રાદ્ધના સમયે પોતાના સ્વજનો પાસે આવે છે. જીવાત્મા જ્યારે સ્થૂળ દેહ છોડી સૂક્ષ્મ શરીર ધારણ કરે છે. તેને મૃત્યુ કહેવામાં આવે છે. ગરૂડ પુરાણ અનુસાર શ્રદ્ધાદિક ક્રિયાઓ, શ્રાદ્ધમાં કરાવાયેલ ભોજન, શ્રાદ્ધમાં અપાયેલ દાન જેમ સમુદ્રનું જળ વાયુ સ્વરૂપે વાદળ બને છે તેમ જેને ઉદેશીને શ્રાદ્ધ કરાય તેને સૂક્ષ્મ સ્વરૂપે તે પ્રાપ્ત થાય છે.

- ‘શ્રાદ્ધ- સરિતા’ - દેવેન કનકચંદ્ર વ્યાસ

# રાજયવ્યાપી ગરીબ કલ્યાણ મેળાનો ડિસાથી પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ



**ગરીબ કલ્યાણ મેળાની ૧૪મી શૃખંલામાં ૧૨ લાખથી વધુ લાભાર્થીઓને ૪૫૦૦ કરોડથી વધુના લાભ-સહાય પહોંચાડવાનો દરિદ્રનારાયણ સેવાયજ્ઞ રાજ્યમાં શરૂ થયો : એક જ દિવસમાં એક લાખથી વધુ ગરીબ લાભાર્થીઓને રૂ. ૩૧૮ કરોડથી વધુના લાભ-સહાય મળ્યા**

(પ્રતિનિધી દ્વારા)

ગાંધીનગર તા.૨૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટ પણે જણાવ્યુ કે, ગરીબ કલ્યાણ મેળાએ ગરીબોને મળવાપાત્ર સહાય, લાભ આપીને તેમના સશક્તીકરણનું જન અભિયાન બની ગયા છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને દિશા-દર્શનમાં ગુજરાતમાં દરિદ્રનારાયણની સેવાના યજ્ઞ રૂપે ૨૦૦૯-૧૦થી શરૂ થયેલી ગરીબ કલ્યાણ મેળાની ૧૪મી કડીનો રાજયવ્યાપી પ્રારંભ મુખ્યમંત્રીશ્રીએ બનાસકાંઠાના ડિસાથી કરાવ્યો હતો.

રાજયના ગરીબ વર્ગો તેમજ દૂરદરાજના અંતરીયાળ વિસ્તારના વંચિતોને વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભ હાથોહાથ સરળતાએ પહોંચાડવામાં આ ગરીબ કલ્યાણ મેળા સફળ માધ્યમ બન્યા છે.

મુખ્યમંત્રીએ ડિસા ખાતેના ગરીબ કલ્યાણ મેળામાં એક જ દિવસમાં એક જ સ્થળેથી ૧૧ હજાર ઉપરાંત ગરીબ લાભાર્થીઓને રૂ. ૪૫ કરોડના સહાય લાભોનું વિતરણ કર્યુ હતું. રાજયના ૩૩ જિલ્લાઓમાં પણ મંત્રીશ્રીઓની ઉપસ્થિતીમાં શરૂ થયેલી ગરીબ કલ્યાણ મેળાની આ ૧૪મી શૃખંલામાં સમગ્રતયા ૧ લાખ ૭૩૪ લાભાર્થીઓને કુલ ૩૧૮ કરોડથી વધુની સહાયનો લાભ આપવામાં આવ્યો હતો. આ ૧૪માં તબક્કામાં યોજાનારા ગરીબ કલ્યાણ મેળાઓ દ્વારા અંદાજે ૧૨ લાખથી વધુ ગરીબોને રૂ. ૪૫૯૮ કરોડના લાભ અપાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અવસરે કહ્યુ કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસન સેવા દાયિત્વમાં દેશમાં ગરીબ કલ્યાણનો નવો અધ્યાય શરૂ થયો છે. ગરીબોનું આર્થિક-સામાજિક સશક્તીકરણ કેવી રીતે થઈ શકે તેનું ઉત્તમ ઉદાહરણ તેમણે દેશ અને દુનિયાને પૂરુ પાડ્યુ છે.

મુખ્યમંત્રીએ જણાવ્યુ કે, પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના, સ્વનિધિ યોજના, જન ધન યોજના જેવી યોજનાઓથી ગરીબોનું આર્થિક સશક્તીકરણ થયુ છે. એટલું જ નહિ, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના, આયુષ્યમાન ભારત PMJAY, પ્રધાનમંત્રી આવાસ યોજના જેવી યોજનાઓ વંચિતો—ગરીબોના સામાજીક સશક્તીકરણ માટે ઉપયોગી બની છે. વડાપ્રધાને ગ્યાન એટલે કે, ગરીબ, યુવા, અન્નદાતા અને નારી શક્તિ એમ ચાર સ્તંભોને વિકસીત ભારતના નિર્માણ માટે મહત્વપૂર્ણ ગણાવ્યા છે તેની ભૂમિકા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. આ સંદર્ભમાં તેમણે ઉમેર્યુ કે, નાનામાં નાના માનવી-ગરીબ-વંચિતના કલ્યાણને કેન્દ્રમાં રાખીને જ સરકારની યોજનાઓ બને છે અને તેનું સુચારૂ અમલીકરણ પણ થાય છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યુ કે, વડાપ્રધાનશ્રીના ગરીબો માટેના સમર્પણ અને તેમના કલ્યાણ સાથે સશક્તીકરણનો પ્રત્યક્ષ અનુભવ ગુજરાતના લાખો ગરીબોને ગરીબ કલ્યાણ મેળાથી થયો છે. સરકારે સામે ચાલીને ગરીબ લક્ષી યોજનાઓના મળવાપાત્ર લાભ ગરીબ લાભાર્થીઓને હાથોહાથ આવા ગરીબ કલ્યાણ મેળાથી પહોંચાડ્યા છે. તેમણે ગરીબ કલ્યાણ મેળામાં સહાય સાધન મેળવનારા સૌ આ સહાયથી આત્મનિર્ભર બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

વડાપ્રધાને યોજનાઓના સેચ્યુરેશનનો એપ્રોચ અપનાવીને જરૂરતમંદ ગરીબ લાભાર્થીઓને ૧૦૦ ટકા યોજનાકીય લાભોથી આવરી લેવાના આપેલા વિચારને ગરીબ કલ્યાણ મેળા સાકાર કરશે તેમ મુખ્ય મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું.

તેમણે કહ્યું કે, ૨૦ જેટલા વિવિધ સરકારી વિભાગોની કલ્યાણકારી યોજનાઓના લાભ એક જ સ્થળેથી અને સંપૂર્ણ પારદર્શિતાથી ગરીબ લાભાર્થીઓને પહોંચાડીને સરકાર ગરીબોના સશક્તીકરણ માટે તેની પડખે ઉભી રહે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગરીબ કલ્યાણના સેવાયજ્ઞથી દરિદ્રનારાયણોના ઉત્થાન ઉપરાંત વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી સ્વચ્છતા-સફાઈ અભિયાનમાં પણ જન ભાગીદારી પ્રેરિત કરીને સૌના રોજીંદા જીવનમાં સ્વચ્છતા સહજ સ્વભાવ બનાવવાનો અનુરોધ કર્યો હતો.

જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, અરવલ્લીની ગિરિમાળાઓથી લઈને પશ્ચિમી રણ સુધી વિસ્તરેલા અને અંબાજી માતા અને નડેશ્વરી માતાના સાંનિધ્યમાં વસેલા બનાસકાંઠા જિલ્લા માટે જુથ પાણી પુરવઠા યોજના મહત્વની બની રહેશે. આ યોજના થકી જિલ્લાના ડીસા, લાખણી અને અમીરગઢ તાલુકાના ૧૫૬ જેટલા ગામોનો સમાવેશ જુથ યોજના તળે કરવામાં આવ્યો છે. જુથ પાણી પુરવઠા યોજના કુલ ૫ ફેઝમાં પૂર્ણ કરવામાં આવશે, જેમાં ફેઝ ૧ થી ૪ અંતર્ગત ૮૮ ગામોની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે તથા અમીરગઢ તાલુકાના ૬૮ ગામોને આવરી લેતી ફેઝ ૫ યોજનાના કામો પ્રગતિ હેઠળ છે.

મંત્રીએ જણાવ્યું હતું કે, નર્મદા મુખ્ય નહેરના રાણકપુર ઓફટેક આધારિત બી.કે.-૩ પી-૨ જુથ પાણી પુરવઠા સુધારણા યોજના જિલ્લાવાસીઓ માટે આશીર્વાદરૂપ બની છે. તેમણે જણાવ્યું હતું કે, દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે શરૂ કરેલ ગરીબ કલ્યાણ મેળામાં મળતી વિવિધ યોજનાઓ થકી ગરીબ પરિવારો સ્વમાનભેર જિંદગી જીવતા થયા છે.

આ કાર્યક્રમમાં સાંસદશ્રી ભરતસિંહ ડાભી, શ્રી બાબુભાઈ દેસાઈ, સર્વ ધારાસભ્યશ્રીઓ શ્રી પ્રવીણભાઈ માળી, શ્રી અનિકેતભાઈ ઠાકર, શ્રી માવજીભાઈ દેસાઈ, શ્રી કેશાજી ચૌહાણ,સચિવશ્રી મોના ખાંધાર, શ્રી સહમીના હુસૈન, જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.જે.દવે, પોલીસ અધિક્ષકશ્રી અક્ષયરાજ મકવાણા, જિલ્લા અગ્રણીશ્રી કિર્તિસિંહ વાઘેલા સહિત જિલ્લાના અધિકારીશ્રીઓ,પદાધિકારીઓ અને બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## સૌરાષ્ટ્ર યુનિવર્સીટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધીરાણ સહકારી મંડળીની સાધારણ સભા અને નિવૃત સભાસદોનો સન્માન સમારોહ યોજાયો




(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૮

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધીરાણ સહકારી મંડળીની છત્રીસમી સાધારણ સભા અને નિવૃત સભાસદોનો સન્માન સમારોહ કુલપતિ ડૉ. કમલસિંહ ડોડિયા અને નાગરિક બેંકના પૂર્વ અધ્યક્ષ નલિનભાઈ વસાની ઉપસ્થિતિમાં યોજાયો હતો. સંપ, સેવા અને સહકારની ભાવનાથી ચાલતી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધીરાણ સહકારી મંડળી છત્રીસ વર્ષથી અવિરત કાર્ય કરી રહી છે. આ મંડળીની છત્રીસમી વાર્ષિક સાધારણસભા ગુજરાતી ભવનના સેમીનાર હોલમાં મળી હતી. છત્રીસમી સાધારણ સભાની સાથોસાથ નિવૃત્ત અધ્યાપકોનો અભિવાદન સમારોહ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી ડો. કમલસિંહ ડોડિયાના અધ્યક્ષ સ્થાને અને રાજકોટ નાગરિક સહકારી બેંકનાના પૂર્વ ચેરમેન, નલિનભાઈ વસાની મુખ્ય અતિથિ તરીકેની ઉપસ્થિતીમાં યોજાયો. આ કાર્યક્રમમાં, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શૈક્ષણિક કર્મચારીઓની ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળી દ્વારા તાજેતરમાં નિવૃત થયેલા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અધ્યાપકો પૈકીના પ્રો. સમીર વૈદ્ય, પૂર્વ અધ્યક્ષ ગણિત શાસ્ત્ર ભવન, અને પ્રો.હિતેન્દ્ર જોશી અધ્યક્ષ રસાયણ શાસ્ત્ર ભવનનું ગરિમાપૂર્ણ અભિવાદન કરવામાં આવ્યું હતું અને સાથે સાથે નવા જોડાયેલા ૧૨ અધ્યાપકોનું પણ સ્વાગત કરવામાં આવ્યું હતું. નવનિયુકત અધ્યાપકોને આ સહકારી સંસ્થાની કાર્યપ્રણાલીથી માહિતગાર કરવામાં આવ્યા હતા. શાબ્દિક સ્વાગત કરતા મંડળીના પ્રમુખ પ્રો. જયદીપસિંહ ડોડીયાએ જણાવ્યુ હતું કે સંપ, સેવા અને સહકાર ના મંત્રને અમારી સહકારી મંડળી સંપૂર્ણ રીતે ચરિતાર્થ કરેછે. મુખ્ય મહેમાન નલિનભાઈ વસાએ પોતાનાં પ્રાસંગિક ઉદબોધનમાં સહકારિતા અને આધ્યાત્મિકતા વિષે પોતાના વિચારો રજુ કરી સૌને માર્ગદર્શન આપ્યુંહતું. તેઓએ જણાવ્યું કે સહકાર અને આધ્યાત્મિકતા મળતા આવે છે. જેમ આધ્યાત્મિકતા માં લોક સેવા હોય છે એવું જ કાર્ય સહકારી સંસ્થા કરતી હોય છે. શૈક્ષણિક સહકારી મંડળીનું સૂત્ર સંપ, સેવા અને સહકાર ખરેખર આધ્યાત્મિક શબ્દો છે. આ મંડળી વિશેષ પ્રગતિ કરે અને વધુ ને વધુ લોકસેવા કરે એવી મને આશા અને અપેક્ષા છે. સમારોહના અધ્યક્ષ સ્થાનેથી બોલતા કુલપતિ ડૉ. કમલ સિંહ ડોડીયા એ જણાવ્યું હતું કે "યુનિવર્સિટીમાં કાર્યરત આ સહકારી મંડળીનો લાભ અનેક અધ્યાપકોએ લીધો છે. આ મંડળી પોતાના સૂત્રને સાર્થક કરે છે. અધ્યાપકોને પણ એક પ્રકારની માનસિક શાંતિ છે કે આ સહકારી મંડળી છે તો આપણને ક્યારેય આર્થિક સમસ્યાઓ નહિ થાય. કોરોના સમયમાં પણ અધ્યાપકોને જરૂરી સહાય મંડળી દ્વારા તાત્કાલિક ધોરણે મળી એ આવકારદાયક છે. નલીનભાઈ વસાએ સહકારિતા અને આધ્યામિકતા વિશે આટલી સરસ વાત કરી હોય ત્યારે મારે વધુ બોલવું યોગ્ય નથી. તેઓના વ્યાખ્યાન થકી આપણે નવું વિચારી શકશું અને સહકાર ક્ષેત્રે નવી દિશામાં કામ કરી શકશું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અધ્યાપકોની સહકારી મંડળીના વર્તમાન પ્રમુખ પ્રો.જયદીપસિંહ ડોડીયા, ઉપપ્રમુખ ડો.જે.એ. ભાલોડીયા, મંત્રી પ્રો. વી.જે. કનેરીયા, સહમંત્રી ડો.યોગેશ જોગસણ, ખજાનચી ડો.રંજનબેન ખૂંટ, કારોબારી સભ્યો પ્રો.સંજય ભાયાણી, પ્રો.આર. બી. ઝાલા, પ્રો.અતુલ ગોસાઈ, પ્રો.નિકેશ શાહ, ડો. રેખાબા જાડેજા, ડો. મનીષ શાહ, ડો.અશ્વિન સોલંકી અને ડો.ભરત ખેર વગેરેએ જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સહમંત્રી ડો. યોગેશ જોગસણ દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ ઉપપ્રમુખ ડો. જયંત ભાલોડિયા દ્વારા કરવામાં આવી હતી. ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરાના કુલપતિ પ્રો. પ્રતાપસિંહ ચૌહાણે કાર્યક્રમને સફળતા ઈચ્છતો શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો.

## ઉના મામલતદાર કચેરીમાં આધારકાર્ડ કઢાવવા લોકોને ધક્કા..!

**આધાર કાર્ડની મુશ્કેલી દૂર કરવા માંગ**

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૨૮

હાલમાં સરકાર શ્રી દ્વારા વિદ્યાર્થીઓ ને મળતી શિષ્યવૃતિ અને વિવિધ યોજના માટે આધાર કાર્ડ લિંક અપ ફરજિયાત કરવામાં આવેલ હોય જેને લઈ આ બાબતે વાલીઓ વિદ્યાર્થીઓને ખુબ જ હાલાકીનો સામનો હાલ ઉનામાં કરવો પડી રહ્યો હોય ઉના તાલુકો ૭૦ કરતા વધુ ગામો નો તાલુકો છે ત્યારે ઉના મામલતદાર ઓફીસ માં સરકાર શ્રી દ્વારા માત્ર બે જ આધાર કાર્ડ ની કીટ ફાળવવામાં આવેલ છે. તેમાં પણ ૮૦ જેટલા લિમિટેડ ટોકન આપવા આવે છે.આ ટોકન મેળવવા માટે લોકો વહેલી સવાર પાંચ છ વાગ્યા થી જ મામલતદાર ઓફિસે આવી જાય છે. પરંતુ અમુક જ સંખ્યા માં ટોકન આપવાના કારણે લોકો હેરાન થાય છે.અને નિરાશ મોઢે ઘરે જવા રવાના થાય છે આવું ઘણા દિવસો થી ઉના માં થઈ રહયું છે.ઉના તાલુકો છેવાડાનો તાલુકો હોવાથી લોકો પોતાનો ધંધા રોજગાર છોડી ને સવાર થી મામલતદાર ઓફીસે આવી જાય છે.અને લાઈન માં પોતાના ચપ્પલ અને અન્ય વસ્તુઓ ની લાઈન કરી પોતાનો વારો આવવાની રાહ જોઈ કલાકો સુધી બેસ્યા રહે છે હાલ વરસાદની સિઝન હોય અને મામલતદાર કચેરીમાં પણ પાણીના ખાબોચિયા ભરાઈ જતાં અને ઘાસ ઉગી નીકળતા મરછરોનો પણ ઉપદ્રવ હોય તે ખૂબ જ ગંભીર બાબત છે.માનવીય મૂલ્યો નું હનન થાય છે ત્યારે ઉના વિસ્તાર માં વધુ કીટ ફાળવવામાં આવે અને લોકો ને હાલાકી ઓછી થાય તે માટે વિશાળ લોક હિતે આધાર કીટ બાબતે નિર્ણય લેવામાં આવે તેવી માંગ રસિક ચાવડા એ કરી છે.અને જો બાબતે કાર્યવાહી ના થાય તો યોગ્ય મંજૂરી મેળવી લોકો ને સાથે રાખી ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવા નું પણ જણાવ્યું છે. આ બાબતે કાર્યવાહી થશે કે કેમ એ તો આવનારો સમય જ બતાવશે.

## કેશોદમાં રેશનીંગનો માલ લેવા જતાં ભાજપના સદસ્ય બનાવી નાખતા મચ્યો હોબાળો

(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૨૮

ભારતીય જનતા પાર્ટી સદસ્યતા અભિયાન વર્ષ-૨૦૨૪ની શરૂઆત થઈ ચૂકી છે. જેમાં પીએમ મોદીએ ભાજપની પોતાની સદસ્યતાને રીન્યુ કર્યા બાદ આખા દેશમાં સદસ્યતા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ગુજરાતમાં પણ પ્રદેશ પ્રમુખ અને મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે સદસ્યતા અભિયાન-૨૦૨૪ પ્રારંભ કરવામાં આવ્યું હતું. કેશોદ શહેર તાલુકામાં પણ સદસ્યતા અભિયાન શરૂ થયેલ છે ત્યારે નવો નુસખો અપનાવવામાં આવ્યો હોવાનું હોબાળો મચતા બહાર આવ્યું છે. કેશોદના ચર ગામે સસ્તા અનાજની દુકાને રેશનીંગનો માલ લેવા ગયેલાં ખેડૂત જગમાલભાઈ જેઠાભાઈ પીઠીયાનો મોબાઈલ ફોન લઈને ભાજપના આગેવાને જાણ કર્યા વગર ભાજપના સદસ્ય બનાવી દીધાં હતાં જયારે એક ધારા મેસેજ આવવા લાગતાં ધ્યાને આવ્યું હતું કે રેશનીંગનો માલ લેવા ગયા ત્યારે અધિકારી હોય એવો રોફ જમાવી મોબાઈલ ફોન આપો ઓટીપી આવે પછી માલ મળશે જેથી ગ્રામ્ય વિસ્તારના અભણ અને અણસમજુ ખેડૂત કાર્ડધારકને જણાવતાં મોબાઈલ મેળવી ભાજપના સદસ્ય બનાવી દેવામાં આવ્યાં હતાં. શહેરી વિસ્તારમાં અને ગ્રામ્ય વિસ્તારમાં તાજેતરમાં રેશનીંગનો માલ આપવામાં આવે છે ત્યારે ભાજપના આગેવાનો અને હોદેદારો પોતાનો લક્ષ્યાંક સિધ્ધ કરવા સસ્તા અનાજની દુકાને રેશનીંગનો માલ લેવા આવતાં કાર્ડધારકો પાસેથી મોબાઈલ ફોન લઈને ધરાર સદસ્યો બનાવે છે. એવામાં વહીવટી તંત્ર કે સસ્તા અનાજની દુકાનના સંચાલકની જવાબદારી થતી હશે કે સતાધારી પક્ષના આગેવાનો હોદેદારો પાસે વામણા બિચારાં બની જતાં હશે. કેશોદના ચર ગામનાં જગમાલભાઈ જેઠાભાઈ પીઠીયા અને ભાજપના આગેવાન સાથે થયેલી ટેલિફોનિક વાતચીતનો ઓડિયો પણ સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે. વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી બનવાની હોડમાં ચાલતું બોગસ કૌભાંડ બહાર આવતાં જવાબદાર પદાધિકારીઓ કે હોદેદારો કાઈ કહેવા માગતાં નથી ત્યારે જીલ્લા કક્ષાએ કે પ્રદેશ કક્ષાએથી શિસ્ત અને અનુશાસનના પગલાં લેવામાં આવશે કે કેમ એ તો આવનારા દિવસોમાં ખબર પડશે.

## દેવભૂમિમાં મેઘરાજાનું પુનઃ આગમન : ભાણવડમાં ચાર ઈંચ ખાબક્યો : પાક, પાણીનું ઉજળું બનતું ચિત્ર



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૮

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઘણા દિવસોના મેઘ વિરામ પછી ગઈકાલે પુનઃ મેઘરાજાનું આગમન થયું હતું. સાર્વત્રિક વરસાદી માહોલ વચ્ચે સૌથી વધુ ભાણવડમાં ચાર ઈંચ વરસાદ વરસી ગયો હતો. ગઈકાલે સાંજથી દ્વારકા જિલ્લામાં મેઘાડંબર વચ્ચે ભાણવડ તાલુકામાં સાંજે અડધો ઈંચ બાદ રાત્રિના બારેક વાગ્યાથી ધોધમાર વરસાદ વરસી જવા પામ્યો છે. જેના કારણે આ ૧૨ કલાક જેટલા સમયગાળા દરમ્યાન ૯૬ મીલીમીટર વરસાદ નોંધાયો છે. આ સાથે ખંભાળિયા તાલુકામાં પણ ગત મોડી રાત્રિના દોઢ ઈંચ જેટલો (૩૧ મી.મી.) વરસાદ વરસી ગયો છે. જયારે કલ્યાણપુર તાલુકામાં ઝાપટા સ્વરૂપે ૩ મી.મી. તથા દ્વારકા તાલુકામાં ૨ મી.મી. વરસાદ નોંધાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે જિલ્લામાં સૌથી ઓછો વરસાદ ભાણવડ તાલુકામાં હતો, ત્યાં એક સાથે ચાર ઈંચ વરસાદ પડી જવા પામ્યો છે. વરસાદના પગલે ઠેર-ઠેર પાણી ભરાયા હતા અને નાના-મોટા જળ સ્ત્રોતો પુનઃ તરબતર બની ગયા છે. જિલ્લામાં સૌથી વધુ ખંભાળિયા તાલુકામાં ૯૦ ઈંચથી વધુ તેમજ દ્વારકામાં ૮૮ ઈંચ જેટલો વરસાદ સરકારી ચોપડે નોંધાયો છે. જયારે ભાણવડમાં આજે સવાર સુધીમાં કુલ ૬૧ ઈંચ વરસાદ નોંધાયો છે. જિલ્લાનો કુલ સરેરાશ વરસાદ ૮૦ ઈંચ જેટલો થવા જાય છે. આ વરસાદના પગલે પગ પાણીનું ચિત્ર ઉજળું થયું છે અને ટપક પદ્ધતિથી પાણી પીવડાવતા ખેડૂતોના પાકને ફાયદો થયો હોવાનું કહેવાય છે. વરસાદના પગલે વાતાવરણમાં સાર્વત્રિક ઠંડક પ્રસરી જવા પામી છે.

**જામ રાવલમાં વર્તુ ડેમના દરવાજા ખોલાયા : ગ્રામજનોને સાવચેત કરાયા**

દ્વારકા જિલ્લામાં ગતરાત્રે વરસી ગયેલા ધોધમાર વરસાદના કારણે અનેક નાના-મોટા ડેમ, ચેક ડેમ છલકાઈ ગયા છે. નીચાણવાળા વિસ્તાર એવા રાવલ ખાતે વરસાદી પાણીના કારણે લોકોને હાલાકી ન થાય તે હેતુથી લોકોને સાવચેત કરાયા છે. આ મુદે તંત્ર દ્વારા વર્તુ - ૨ ડેમના ૧૪ દરવાજા ત્રણ ફૂટ સુધી ખોલવામાં આવ્યા હોવાથી પાણીનો પ્રવાહ વધી જતા નીચાણવાળા વિસ્તારમાં ન જવા તેમજ આ અંગે સાવચેતી રાખવા રાવલ તથા આસપાસના વિસ્તારના લોકોને જિલ્લા પ્રશાસન દ્વારા અપીલ કરવામાં આવી છે.

## વિસાવદર તાલુકાનાં નાની મોણપરી સીમ વિસ્તારમાં પાણી ભરેલ વોંકળામાં અકસ્માતે ડુબી જવાથી મૃત્યું

જૂનાગઢ તા. ૨૮

વિસાવદર તાલુકાનાં નાની મોણપરી ગામનાં મનોજભાઈ ગોવિંદભાઈ કિકાણી (ઉ.વ.૪૦)એ વિસાવદર પોલીસમાં જાહેર કરેલ છે કે, અવિનાશભાઈ રમેશભાઈ વળવી આદિવાસી (ઉ.વ.૩૨) રહે. હાલ નાની મોણપરીવાળા તે જાહેર કરનારની વાડી વિસ્તારમાં આવેલ પાણી ભરેલ વોંકળામાં અકસ્માતે પડી જતાં ડુબી જવાથી અવિનાશભાઈ રમેશભાઈ વળવીનું મૃત્યુ થયાની જાણ પોલીસને કરતા વિસાવદર પોલીસે આ બનાવ અંગે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

**જૂનાગઢમાં ગળાફાંસો ખાઈ આધેડનો આપઘાત**

જૂનાગઢ શહેરમાં નાગર રોડ, અંબાઈ ફળીયા માતૃઆશિષ એપાર્ટમેન્ટનાં ત્રીજા માળે, બ્લોક નં. ૩૦૨માં રહેતા ચંદ્રેશકુમાર શંકરલાલ ધહેનાણી (ઉ.વ.૬૨)એ પોતાના રહેણાંક મકાનમાં પોતાની મેળે કોઈ અગમ્ય કારણસર લાગી આવતા ગળાફાંસો ખાઈ જઈ આપઘાત કરી લેતા તેઓ મૃત્યુ પામેલ છે. આ બનાવ અંગે મુરલીભાઈ ઘનશ્યામભાઈ ધહેનાણી (ઉ.વ.૪૯) જલારામ સોસાયટી દુર્વેશનગર વાળાએ પોલીસમાં જાહેર કરતા આ બનાવ અંગે એ ડીવીઝન પોલીસ દ્વારા ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે. આ બનાવની વધુ તપાસ એ ડીવીઝન પોલીસ સ્ટેશનનાં પીએસઆઈ વી.એ. લખધીર ચલાવી રહયા છે.

## ૧૦૮ એમ્બ્યુલન્સમાં નોર્મલ ડિલિવરી માતા અને બાળક તંદુરસ્ત



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮

તારીખ ૨૭-૯-૨૪ વિસાવદર તાલુકાનાના ઈશ્વરીયા ગામમાં વાડી વિસ્તારમાં રહેતા બેનને ડિલિવરીનો દુઃખાવો થવાથી૧૦૮નો સંપર્ક કરવામાં આવ્યો હતો. વિસાવદર ૧૦૮માં ફરજ બજાવતા ઈએમટી પારશ ગોરડ અને પાયલોટ જયેશ પીપલીયા તુરંત ઈશ્વરીયા ગામે પહોંચ્યા અને બેનને એમ્બ્યુલન્સ મારફતે હોસ્પીટલ જવા નીકળ્યા હતા. પરંતુ રસ્તામાં બેનને ડિલિવરીનો અસહ્ય દુઃખાવો થવાથી ઈએમટી પારશભાઈએ તુરંત અમદાવાદના હેડ ઓફીસ ડો. અતુલ સાથે વાત કરીને નોર્મલ ડિલિવરી ૧૦૮ એમ્બ્યુલન્સમાં જ કરવી અને જરૂરી સારવાર ૧૦૮ એમ્બ્યુલન્સમાં જ આપી હતી. અત્યારે માતા અને બાળકની તબીયત સારી છે. આમ ૧૦૮ એમ્બ્યુલન્સની સેવાને લીધે બે અમૂલ્ય જીવને નવું જીવન મળ્યું. સારી કામગીરી બદલ જૂનાગઢ જિલ્લાના અધિકારીઓ દ્વારા ૧૦૮ ઈમરજન્સી સેવાના કર્મચારીઓની સરહારનીય કામગીરીને બિરદાવવામાં આવી

## વંથલીનાં ઉમટવાડા ગામે મકાનનો દરવાજો ખોલી સૂટકેશમાં રાખેલા રૂા. ૧.૯૫ લાખની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૨૮

વંથલી તાલુકાનાં ઉમટવાડા ગામે મકાનનાં દરવાજાનો ઈન્ટરલોક ખોલી સુટકેશમાંથી રૂા. ૧.૯૫ લાખની રોકડની ચોરી થઈ હોવાનું પોલીસ દફતરે નોંધાયો છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર વંથલીનાં ઉમટવાડા ગામનાં રમેશભાઈ મોહનભાઈ બાઠાણી (પટેલ) ઉ.વ.૪૮એ કોઈ અજાણ્યો શખ્સ અથવા શકમંદ તરીકે જેન્તીભાઈ વશરામભાઈ મારડીયા રહે. જીવનધારા સોસાયટી જૂનાગઢ વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આ કામનાં ફરીયાદીએ રાજકોટ માર્કેટીંગ યાર્ડમાં વેચેલ મગફળીનાં બિયારણનાં આશરે રૂા. ૨ લાખ આવેલ હોય જેમાંથી રૂા. ૧.૯૫ લાખ પોતાની વાડીએ તેના ઘરે સૂટકેશ રાખેલ હોય જે રૂપિયા કોઈ અજાણ્યા શખ્સ તથા શકમંદ જેન્તીભાઈ વશરામભાઈ મારડીયા રહે. જૂનાગઢ જીવનધારા સોસાયટી વાળાએ ફરીયાદીનાં ઘરનાં દરવાજાનો ઈન્ટરલોક ખોલી સુટકેશભાઈ રૂા. ૧ લાખ ૯૫ હજારની ચોરી કરી લઈ જઈ ગુનો કર્યા અંગે ફરીયાદ નોંધાવેલ છે. આ બનાવ ૨૬-૯-૨૦૨૪ કલાક ૧૩.૩૦ થી ૨૭-૯-૨૦૨૪ કલાક ૧૨.૩૦ દરમ્યાન બન્યો હોવાનું ફરીયાદમાં દર્શાવેલ છે. વંથલી પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ વંથલી પીએસઆઈ આર.વી. આહિર ચલાવી રહયા છે.

**દ્વારકામાં સોમવારે વિનામૂલ્યે મેડિકલ કેમ્પનું આયોજન**

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૮

દેવભૂમિ દ્વારકામાં આગામી સોમવાર તા. ૩૦મીના રોજ જિલ્લા વહીવટી તંત્ર તથા ઘડી ડિટર્જન્ટ ગ્રુપના સહયોગથી વિના મૂલ્યે મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

### ગઈકાલે હાથિયા નક્ષત્ર બેસે તે પહેલા - મેઘરાજાની ધમાકેદાર બેટીંગ

# ગિરનાર પર બારે મેઘ ખાંગા : ૧૦ ઈંચ વરસાદ : દામોદરકુંડમાં ઘોડાપુર આવ્યું

## જૂનાગઢ ૫ ઈંચ, ભેંસાણ-૨, વિસાવદર ૩I, મેંદરડા રાI, કેશોદ-રાI, માંગરોળ-૪, માળીયા હાટીના ૨ ઈંચ વરસાદ નોંધાયો






જૂનાગઢ તા. ૨૮

જૂનાગઢ સહીત સોરઠ પંથકમાં ગઈકાલે મેઘરાજાએ સટાસટી બોલાવી દેતા અનરાધાર સરેરાશ બેથી ૬ ઈંચ જેવો વરસાદ પડી ગયો હતો. અસહય ઉકળાટભર્યા વાતાવરણ બાદ પડેલા ભારે વરસાદથી ઠંડક પ્રસરી ગઈ હતી અને શિયાળા જેવી ઠડીનો માહોલ સર્જાયો હતો. હવામાન વિભાગની ભારે વરસાદની આગાહીને પગલે જૂનાગઢ સહીત સોરઠ પંથકમાં ગુરૂવારથી જ વરસાદનું આગમન થયું હતું. દરમ્યાન જે નક્ષત્રમાં ભારે વરસાદની શકયતા રહેલી છે તેવા હાથીયો નક્ષત્ર શરૂ થયું છે. સૂર્યનારાયણનો હસ્ત નક્ષત્રમાં ભાદરવા વદ-૯ને શુક્રવાર એટલે ગઈકાલ રાત્રીનાં ૧૨ વાગ્યાને ૧૧ મીનીટે પ્રવેશ થયો છે. આ નક્ષત્રમાં પ્રચંડ ગાજવીજ સાથે વરસાદ પડતો હોય છે. આગામી તા. ૯-૧૦-૨૦૨૪ સુધી આ નક્ષત્ર રહેશે. દરમ્યાન હાથિયો બેસે તે પહેલા જ ગઈકાલે બપોરનાં અઢી વાગ્યાથી મેઘરાજાએ જૂનાગઢ સહીત વિવિધ વિસ્તારોમાં ભારે સટાસટી બોલાવી દીધી હતી. અને ભર ચોમાસું જાણે અષાઢી મેઘ વરસે તેવું વાતાવરણ સર્જાયું હતું. જૂનાગઢમાં તો જાણે રસ્તા ઉપર નદીઓ વહેતી હોય તેવા વરસાદનાં પાણી વહેવા લાગ્યા હતાં. ગિરનાર પર્વત ઉપર બારે મેઘ ખાંગા થયા હોય તેમ વરસાદ તુટી પડયો હતો. ગિરનારની સીડીઓ ઉપર પાણીનાં ધોધ વછુટતા હતાં. ગિરનાર પર્વત ઉપર ભારે વરસાદને પગલે દામોદર કુંડમાં ઘોડાપુર આવ્યા હતાં. અને આ સાથે જ કાળવા સહીતની નદીઓમાં પણ પુર આવ્યા હતાં. ગઈકાલે મોડી રાત્રી સુધી વરસાદ પડયો હતો. આજે સવારે પુરા થતાં ૨૪ કલાક દરમ્યાન પડેલો વરસાદ આ પ્રમાણે છે. ગિરનાર ખાતે ૧૦ ઈંચ, જૂનાગઢ પાંચ ઈંચ, ભેંસાણ ૨ ઈંચ, વિવાસવદર ૩I ઈંચ, મેંદરડા રાI ઈંચ, કેશોદ રાI ઈંચ, માંગરોળ ૪ ઈંચ, માળીયા હાટીના ૨ ઈંચ વરસાદ નોંધાયો છે. આજે પણ વરસાદી માહોલ જોવા મળે છે. ગઈકાલે ભારે વરસાદને પગલે વહીવટી તંત્ર સાબદુ બની ગયું હતું.

# જૂનાગઢમાં માંગનાથ રોડની દુકાનોમાં બીજા દિવસે પણ ગટરના પાણી ઘુસ્યા : વેપારીઓને ભારે નુકસાની

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૮






જૂનાગઢ શહેરનો માંગનાથ વિસ્તાર આજે સતત કફોડી હાલતમાં મુકાયેલ છે. ગુરૂવારે અને શુક્રવારે પડેલા વરસાદને પગલે આ વિસ્તારની હાલત અત્યંત ખરાબ બની ગઈ છે અને એપાર્ટમેન્ટ તેમજ વેપારીઓની દુકાનોમાં પણ પાણીનો પ્રવાહ ઘુસી આવતા નુકસાનીનો માર વેઠવો પડી રહ્યો છે. પ્રાપ્ત થતી વિગત અનુસાર જૂનાગઢ શહેરમાં ગુરૂવારની વહેલી સવારથી મેઘરાજાએ મુકામ કર્યો છે અને ગુરૂવારે થોડા વરસાદમાં પણ માંગનાથ રોડની અનેક દુકાનોમાં ગટરના પાણી ઘુસી ગયા હતા. ગટર જામ થતા ગંદા પાણીનો નિકાલ અટકી ગયો હતો. દુકાનોમાં ઘુસી આવેલા ગંદા પાણીને મોટર લાવીને ખેંચીને બહાર કાઢવામાં આવ્યું હતું. દરમ્યાન બીજા દિવસે એટલે કે શુક્રવારે ધોધમાર વરસાદ પડતા સતત બીજા દિવસે વેપારીઓની દુકાનમાં પાણી ઘુસી ગયા હતા અને જેના કારણે વેપારીઓને ભારે હાલાકી ભોગવવી પડી હતી. બાદમાં પાણી ખેંચવાની પાંચ મોટર લગાવી અને ગંદા પાણીને ઉલેચવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. બોરમાં ગટરના પાણી ફરી વળતા સ્થાનિક રહેવાસીઓને પીવાના પાણીની પણ સમસ્યા ઉભી થઈ હતી. દરમ્યાન માંગનાથ વિસ્તારના વેપારીઓની હાલત એક તો ગટર જામ થતા ગંદા પાણીનો નિકાલ અટકી ગયો હતો અને દુકાનોમાં ગંદા પાણી ઘુસી ગયા હતા અને બીજે દિવસે ભારે વરસાદ પડતા ફરી એકવાર મુશ્કેલી સર્જાઈ હતી. આગામી તહેવારોના ટાંકણે જ વેપારીઓને મુશ્કેલીમાં મુકાઈ જવું પડયું છે અને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. વેપારીઓને ભારે મોટી નુકસાની પણ વેઠવી પડી રહી છે.

# જૂનાગઢનાં એક વેપારી પાસેથી સીંગદાણાનાં રૂા. ૧૧ લાખ ઓળવી જઈ છેતરપીંડી કરવા અંગે બે સામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૨૮

જૂનાગઢનાં એક વેપારી પાસેથી સીંગદાણા ૯૯૫૫ કિલોગ્રામ મેળવી અને માલ મળી ગયા પછી પણ વાયદા મુજબ પેમેન્ટ નહી કરી રૂા. ૧૧ લાખ ઓળવી ગયા અંગેની બે સામે પોલીસ ફરીયાદ નોંધાતા ચકચાર જાગી ઉઠી છે.

આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર ફરીયાદી લલીતભાઈ મનસુખભાઈ વીરોજા પટેલ (ઉ.વ. ૪૪) રહે. ટીંબાવાડી, દિપાંજલી-૨, વિનાયક એપાર્ટમેન્ટની બાજુમાં જૂનાગઢવાળાએ ભાનુ બ્રોકર્સનાં પ્રોપરાઈટર (બ્રોકર દલાલ) રાકેશભાઈ કારીયા (રહે. જૂનાગઢ) તથા વિક્રમભાઈ ઓડેદરા (રહે. જાંબુ ગામ, તા. રાણાવાવવાળા) વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે આ કામના આરોપી નં. ૧ ભાનુ બ્રોકર્સના પ્રોપરાઈટર (બ્રોકર દલાલ) રાકેશભાઈ એન. કારીયા રહે. જૂનાગઢવાળા ફરીયાદીની પેઢીએ આવી પોતે ભાનુ બ્રોકર્સના પ્રોપરાઈટર (બ્રોકર દલાલ) હોવાનું કહી આરોપીએ પોતાનું બ્રોકર તરીકેનું વીજીટીંગ કાર્ડ ફરીયાદીને આપી પોતે સીંગદાણા તથા અન્ય ખેતી પાકોની દલાલી કરી વેચાણ કરે છે તેવું કહી અને પોતાની પાસે ઘણા બધા સારા છુટક વેપારીઓ છે જેઓ સીંગદાણા તથા અન્ય કઠોળ બીયારણનો છુટક વેપાર કરે છે અને માલ ખરીદે તેનું પેમેન્ટ એક અઠવાડીયામાં મળી જાય અને વાયદા મુજબ પેમેન્ટ ના આવે તો પેમેન્ટની જવાબદારી પોતાની છે તેમ વાત કરી તેઓએ પોતાના મોબાઈલ ફોનમાંથી આરોપી નં. ૨ છુટક વેપારી વિક્રમભાઈ ઓડેદરા સાથે ફોનમાં વાત કરાવી અને આરોપી વિક્રમભાઈએ ફરીયાદી સાથે ફોનમાં વાત કરી ત્રણેક દિવસમાં દશ ટન સીંગદાણા બીયારણ માટે જોઈએ છે. પોતે સીંગદાણા બીયારણનાં છુટક વેપારી છે તેથી પાકા બીલમાં નહી પણ કાચામાં સીંગદાણા ખરીદ કરશે અને માલ મળી જાય એટલે એક અઠવાડીયામાં પેમેન્ટ મળી જશે. પોતે ઘણા સમયથી વેપાર કરે છે પોતા પાસે પોતાનાં વિસ્તારનાં ઘણા ખેડૂત ગ્રાહક છે તો માલ સારો જોશે જેથી ખેડૂતની ફરીયાદ ના આવે તેમ વાત કરી હતી અને ફરીયાદી આરોપી નં. (૧) રાકેશ કારીયાને દલાલ તરીકે ઓળખતા હોય તેથી આરોપી નં. (૧)નાએ બ્રોકર તરીકે તથા આરોપી નં. (૨) નાએ વેપારી તરીકે ફરીયાદીને વિશ્વાસમાં લઈ અને ફરીયાદી પાસેથી કુલ સીંગદાણા ૯૯૫૫ કિલોગ્રામ રૂા. ૧૧૦૦૦૨૭ના ખરીદ કરી આરોપી નં. (૨)નાએ સીંગદાણા ભરવા ટ્રક મોકલી સીંગદાણા ૯૯૫૫ કિલોગ્રામ કિં. રૂા. ૧૧૦૦૦૨૭ના મેળવી લીધા બાદ વાયદા મુજબ પેમેન્ટ નહી કરી બાદમાં ફરીયાદીએ પેમેન્ટની ઉઘરાણી કરતા બંને આરોપીઓએ ગોળગોળ વાતો કરી સમય પસાર કરી આજદિન સુધી ફરીયાદીનાં સીંગદાણાનાં રૂા. ૧૧૦૦૦૨૭ નહી આપી ઓળવી જઈ આ કામનાં આરોપી વેપારી બ્રોકરએ એકબીજાને ગુનો કરવામાં મદદગારી કરી ફરીયાદી વેપારી સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યાની તાલુકા પોલીસમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે બીએનએસ ક. ૩૧૬ (૨), ૩૧૬ (૫), ૩૧૮ (૨), ૫૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ ઈન્ચાર્જ પીઆઈ ડી.કે. સરવૈયાએ હાથ ધરી છે.

આ બનાવ ૨૧-૬-૨૩થી આજદિન સુધીનાં સમયગાળામાં બન્યો હોવાનું ફરીયાદમાં દર્શાવેલ છે.




વિકસિત ભારત વિકસિત ગુજરાત

## ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા રોગ નિયંત્રણ સૌની જવાબદારી

### સાવચેતીના પગલાં



ઘરની આસપાસ ફૂલદાની, કૂંડા, પક્ષીકુંજ તથા પાણી સંગ્રહનાં તમામ પાત્રોમાં પાણી ભરાઈ ના રહે તે જોવું



વરસાદી સિઝન દરમિયાન નકામા પાત્રો જેવાં કે, બોટલ, ટીન, ટાયર અને નાળિયેરની કાચલી, ભંગાર વગેરેને ખુલ્લામાં નાખવાં નહીં



ડૉક્ટરની સલાહ વગર ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાના દર્દીએ હોસ્પિટલમાં દાખલ થવાનો આગ્રહ રાખવો નહીં



પાણીની ટાંકીને ઢાંકીને રાખો



ફ્રિઝની ટ્રે અને એ.સી. નું જમા થતું પાણી નિયમિત ખાલી કરો

ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાની કોઈ ખાસ દવા ઉપલબ્ધ નથી જેથી ડૉક્ટરના માર્ગદર્શન વગર દવાઓ લેવી નહીં

ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાના દર્દીએ સારવાર માટે એસ્પિરિન દવાનો ઉપયોગ કરવો નહીં

### જરૂરી સંદેશ

ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા રોગ ચેપી માદા એડીસ ઈજિપ્તી મચ્છરના કરડવાથી થાય છે અને તેને અટકાવી શકાય છે

એડીસ ઈજિપ્તી મચ્છર દિવસે કરડે છે

### ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાથી બચવા આટલું જરૂર કરવું

- ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા ફેલાવતા મચ્છરોના ડંખથી બચવા આખી બાંયનાં કપડાં પહેરવાં તથા શરીરના ખુલ્લા ભાગ પર મચ્છર વિરોધી ક્રીમનો ઉપયોગ કરવો.
- ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાથી બચવા મચ્છરદાનીનો ઉપયોગ કરવો.
- ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાના દર્દીએ ખાસ મચ્છરદાનીમાં સૂવાનો આગ્રહ રાખવો.
- દર અઠવાડિયે ફૂલદાની, કુંડા, પક્ષીકુંજ અને કુલર જેવા પાણી સંગ્રહના તમામ પાત્રોને ખાલી કરી, ઘસીને સાફ કરી, સૂકવવા અને ત્યારબાદ જ ઉપયોગમાં લેવા.
- ઘર, ધાબા પર અને ઘરની આસપાસ પડી રહેલ નકામા ખાલી પાત્રો, ભંગાર, ટાયર, નાળિયેરની કાચલી વગેરેનો નાશ કરવો.
- બારી બારણામાં મચ્છરજાળી લગાવવી.
- સખત તાવ, આંખોના ડોળાની પાછળ દુખાવો, સ્નાયુ અને સાંધાનો દુખાવો અને શરીર પર ચકામા કે ઓરી જેવા દાણા દેખાય તો નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરવો.
- પાણી સંગ્રહ કરવાના થતા તમામ પાત્રો હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવાં.
- તાવ દરમિયાન નજીકનાં આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરો, પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી લો અને અને આરામ કરો